પંચમહાલ, દાહોદ, મહિસાગર, વડોદરા થી પ્રગટ થતું દૈનિક
www.panchmahalsamachar.com

# પંચમહાલ સમાચાર

E-mail : panchmahalsamachar@gmail.com
Panchmahal Samachar Daily News
RNI NO:- 67073/97
વર્ષઃ૨૪, અંકઃ૨૦૯, કુલ પાનાઃ૪, તારીખઃ ૨૯-૦૪-૨૦૨૧ ગુરૂવાર, કિંમત રૂ.૧.૫૦/-,VOLUME/YEAR : 24, ISSUE : 209 PRICE :-RS. 1.50 DATE : 29-04-2021
EDITOR, PRINTER PUBLISHER & OWNER : KARAN AJAYKUMAR PANCHAL, PUBLISHED FROM : BANDIBAR NO KHANCHO, TALAV ROAD, GODHRA, DIST. PANCHMAHAL(GUJARAT)
PRINTED AT: PANCHMAHAL PRESS, MODINI VADI NO-1, STATION ROAD,GODHRA.(PMS) MOBILE : 9429052627 (02672-243351)
Whatsapp No.9712880678

પંચમહાલ સમાચાર
ઈ-પેપર જોવા વોટ્સએપ પર
નામ લખી મેસેજ કરો.
મો.૯૦૫૪૪ ૨૫૧૦૦

## રૂપાણી સરકારનું અઘોષિત લોકડાઉન, સમગ્ર રાજ્યના શહેરો સજ્જડ બંધ

ગાંધીનગર,

ગુજરાતમાં કોરોનાના કેસો ઘટવાનું નામ નથી લઈ રહ્યા, ત્યારે આ સંક્રમણને ખાળવા માટે રાજ્યના ૨૯ શહેરોમાં મીની લોકડાઉન લાગુ થઈ ગયું છે અને તેના પાલન માટે પોલીસ અને અન્ય સંસ્થાઓ મેદાને આવી છે.

સૌરાષ્ટ્રના ૧૨ શહેરોમાં આજથી આ કડક નિયંત્રણો અમલી બન્યા છે અને ઘણી બજારો બધં જોવા મળી છે. જે શહેરોમાં કડક નિયંત્રણો લાગુ કરવામાં આવ્યા છે તેમાં રાજકોટ, જામનગર, ભાવનગર, જુનાગઢ, મોરબી, ભુજ, ગાંધીધામ, સુરેન્દ્રનગર, અમરેલી, પોરબંદર, બોટાદ અને વેરાવળ–સોમનાથનો સમાવેશ થાય છે.




કેન્દ્રિય ગૃહ મંત્રાલય દ્વારા ૨૬ એપ્રિલે બહાર પાડવામાં આવેલી નવી ગાઈડલાઈન્સ સંદર્ભે સીએમ પાણીની અધ્યક્ષતામાં ઉચ્ચ અધિકારીઓની મહત્વપૂર્ણ બેઠક યોજાઈ હતી. આ મિટિંગમાં કેન્દ્રની ગાઈડલાઈન્સ અનુસાર રાજ્યમાં કોરોનાનો ફેલાવો અટકાવવા માટે હવે ૨૯ શહેરોમાં સાંજે ૮થી સવારે ૬ વાગ્યા સુધી કરયૂ લાગુ કરવા સહિતના મહત્વપૂર્ણ નિયમો જાહેર કરાયા છે.

લ ગુજરાતમાં ૮ મહાનગરો તેમજ ૨૦ શહેરોમાં સાંજે આઠથી સવારે ૬ વાગ્યા સુધી કરયૂ અમલમાં છે. જોકે, હવે તેનો વ્યાપ વધારાયો છે. હવે હિંમતનગર, પાલનપુર, નવસારી, વલસાડ, પોરબંદર, બોટાદ, વિરમગામ, છોટાઉદેપુર, વેરાવળ–સોમનાથમાં પણ આ કરયૂ લાગુ રહેશે. આ ઉપરાંત સરકારે કેટલાક અન્ય નિયંત્રણોની પણ જાહેરાત કરી છે. નવા નિયમો અને નિયંત્રણો આગામી તારીખ ૦૫ મે સુધી અમલમાં રહેશે. જોકે, તેમાં આવશ્યક સેવાઓને મુકિત આપવામાં આવી છે.

તમામ ૨૯ શહેરોમાં ૦૫ મે સુધી અનાજ–કરિયાણાની દુકાન, શાકભાજી, ફળ–ફળાદિ, મેડિકલ સ્ટોર, મિલ્ક પાર્લર, બેકરી તથા ખાધપદાર્થોની દુકાનો ચાલુ રહેશે તેવું સરકારે સ્પષ્ટ્ર કયુ છે. આ ૨૯ શહેરોમાં પણ તમામ ઉધોગો, ઉત્પાદન એકમો, કારખાનાઓ અને બાંધકામ પ્રવૃત્તિઓ યથાવત ચાલુ રહેશે. જોકે, આ તમામ એકમોએ એસઓપીનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

આ ઉપરાંત, તમામ મેડિકલ અને પેરામેડિકલ સેવાઓ યથાવત રહેશે. આ ૨૯ શહેરોમાં તમામ રેસ્ટોરાં બધં રહેશે માત્ર ટેક–અવે સેવાઓ જ ચાલુ રાખી શકાશે. તમામ ૨૯ શહેરોમાં મોલ, શોપિંગ કોમ્પલેક્ષ, ગુજરી બજાર, સિનેમા હોલ, ઓડિટોરિમય, જીમ, સ્વીમિંગ પુલ, વોટરપાર્ક, જાહેર બાગ–બગીચાઓ, સલૂન, સ્પા, બ્યુટી પાર્લર અને અન્ય એમ્યુઝમેન્ટ પ્રવૃત્તિઓ પણ ૦૫ મે સુધી બધં રાખવાનો આદેશ અપાયો છે.

સમગ્ર રાયમાં તમામ એપીએમસી પણ બધં રાખવાનો આદેશ આપવામાં આવ્યો છે. જોકે, શાકભાજી અને ફળ–ફળાદીનું વેચાણ ચાલુ રહેશે. આ ઉપરાંત, આખાય રાયમાં તમામ ધાર્મિક સ્થળોએ જાહેર જનતાનો પ્રવેશ પણ બધં કરી દેવાના આદેશ અપાયા છે. માત્ર સંચાલકો અને પૂજારીઓ પૂજાવિધિ કરી શકશે. અમદાવાદ, સુરત જેવા શહેરોમાં હાલ એએમટીએસ તેમજ બીઆરટીએસની બસો બધં છે. જોકે, રાયમાં એસટીની બસો ૫૦ ટકા ક્ષમતા સાથે ચાલુ રાખવાનું સરકારે જાહેર કયુ છે.

મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીના અધ્યક્ષ પદે મળેલી આ તાકીદની બેઠકમાં ગૃહ રાય મંત્રી પ્રદિપસિંહ જાડેજા, મુખ્ય સચિવ અનિલ મુકીમ, અધિક મુખ્ય સચિવ (ગૃહ) પંકજકુમાર, પોલીસ મહાનિર્દેશક આશિષ ભાટિયા, આરોગ્ય વિભાગના અગ્ર સચિવ ડો. શ્રીમતી જયંતિ રવિ સહિતના વરિ અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

ઉલ્લેખનીય છે કે, કોરોનાની બીજી લહેરમાં ગુજરાતમાં ગ્રામ્ય વિસ્તારોમાં પણ કેસો વધી રહ્યા છે. હાલ તો એવી સ્થિતિ છે કે વડોદરા શહેર કરતાં વધુ કેસ મહેસાણા જિલ્લામાં નોંધાઈ રહ્યા છે. આ ઉપરાંત, બનાસકાંઠા, પાટણ, સાબરકાંઠા તેમજ દક્ષિણ અને મધ્ય ગુજરાતના જે જિલ્લામાં ગયા વર્ષે કોરોનાનો ખાસ કહેર જોવા નહોતો મળ્યો, ત્યાં પણ હોસ્પિટલો ફુલ થઈ ગઈ છે.

કેન્દ્ર સરકારની ગાઈડલાઈન અનુસાર, જો કોઈ સ્થળે પોઝિટિવિટી રેટ ૧૦ ટકાથી વધુ હોય તો ત્યાં લોકડાઉન લગાવવા માટે રાય સરકારોને કહેવામાં આવ્યું છે. ગુજરાત સરકારે અત્યારસુધી કોઈ જિલ્લા કે શહેરમાં સત્તાવાર રીતે લોકડાઉન જાહેર કયુ નથી. જોકે, અમદાવાદ સહિતના મોટાભાગના શહેરો તેમજ ઘણા જિલ્લામાં તો ગામડાંમાં પણ સ્વયંભૂ લોકડાઉનનું પાલન કરાવાઈ રહ્યું છે. અનેક જગ્યાએ દુકાનો બપોરે બે વાગ્યા બાદ બધં કરાવાઈ રહી છે. મોટા માર્કેટ પણ સ્વયંભૂ બધં છે.

## GTUમાં ફોર્મ ભરવામાં કુલપતિએ 'વેક્સિન' ફરજીયાત કરતા વિવાદ

અમદાવાદ,

ગુજરાતમાં સરકારી યુનિવર્સિટીઓમાં આરએસએસ બ્રેકગ્રાઉન્ડ ધરાવતા કુલપતિઓ સરકાર, ભાજપના નેતાઓને વ્હાલા થવાની હોડમાં પદની ગરિમાને પણ જાળવતા નથી. ગુજરાત સરકાર જાહેરાત કરે તે પહેલાં જ ગુજરાત ટેકનિકલ યુનિવર્સિટીના કુલપતિ નવિન શેઠે ટ્વીટ કરીને વિદ્યાર્થી વેક્સિન લે તે જ પરીક્ષા ફોર્મ ભરી શકે તેવો આદેશ આપતા સર્જાયેલો વિવાદ હવે બંધારણીય અધિકાર સુધી પહોંચ્યો છે. હાલમાં કોરોના પીક ઉપર છે, પરીક્ષાની



તારીખોના કોઈ ઠેકાણા જ નથી ત્યારે આ જોહુકમી કેમ ? તે મુદ્દે સોશિયલ મિડિયામાં કુલપતિ ટ્રોલ થઈ રહ્યાં છે.

વેક્સિન લેવા માટે કોલેજ કેમ્પસમાં વ્યવસ્થા, વિદ્યાર્થીઓમાં સાચી સમજણના પ્રોત્સાહનોને બદલે સીધા જ પોતાની અડધા કદની તસ્વીર સાથે જીટીયુ ટ્વીટર હેન્ડલથી કુલપતિએ ૧૮ વર્ષથી ઉપરના જે વિદ્યાર્થીએ કોવિડ-૧૯ની વેક્સિન લીધી હોય તે જ વિન્ટર-૨૦૨૧ની પરીક્ષાના ફોર્મ ભરી શકશે એવી જાહેરાત કરી હતી.

એક તરફી અને ઉપરથી થોપી દેવાના તેમના નિર્ણય પાછળ ગુજરાત યુનિવર્સિટીના કુલપતિ હિમાંશુ પંડયા સાથેની સ્પર્ધા કારણભૂત છે. પંડયા પણ સંઘ સાથે જોડાયેલા છે અને તેમને પણ ભાજપના નેતાઓની મહેરબાનીથી બીજી ટર્મ મળી છે ! આથી, બીજી વખત જીટીયુનું કુલપતિપદ મેળવવામાં સફળ રહેલા નવિન શેઠે ગુજરાતમાં સૌથી પહેલાં પોતાની યુનિવર્સિટીના વિદ્યાર્થીઓને વેક્સિન આપવા નિર્ણય કર્યાનો જશ ખાટવા ટ્વીટ કર્યાનું કહેવાય છે.

ટ્વીટર ઉપર નવિન શેઠ સામે પ્રશ્નોની ઝડી વરસી છે. વેક્સિન મુદ્દે નિર્ણય અમારો વ્યક્તિગત રહેશે તેવા સવાલો વચ્ચે વિદ્યાર્થીઓ પરીક્ષાની તારીખ પહેલાં પહેલાં ફોર્મ ભરવાની પ્રક્રિયામાં આ શરત કેમ ? ફરજ કેમ પાડો છે ? શું તમને કોઈ લક્ષ્યાંક મળ્યો છે ? જો કે, ગુજરાત ટેક્નોલોજી યુનિવર્સિટીના કુલપતિએ આમાથી સુધી એક પણ સવાલનો જવાબ આપ્યો નથી.

## વિશ્વના ૧૭ દેશોમાં કોવિડ-૧૯નો ભારતીય વેરિયન્ટ ફેલાયોઃ WHO

જિનિવા,

વિશ્વ આરોગ્ય સંસ્થાએ કહ્યું હતું કે ભારતમાં કોરોના વાઈરસના કેસોમાં વધારા માટે જવાબદાર કોવિડ-૧૯ વેરિયેન્ટ મ.૧.૬૧૭ એક ડઝનથી વધુ દેશો મળી આવ્યા છે. સંયુક્ત રાષ્ટ્રની આરોગ્યની એજન્સીએ કહ્યું હતું કે કોરોનાના B.1.617 વેરિયન્ટ પહેલી વાર ભારતમાં મળી આવ્યા હતા. એની સાથે GISAID ઓપન એક્સેસ ડેટાબેઝ પર અપલોડ કરવામાં આવેલા ૧૨૦૦થી વધુ સિક્વન્સ કમસે કમ ૧૭ દેશોમાં માલૂમ પડે છે.

WHOએ રોગચાળા સંબંધી સાપ્તાહિક અપડેટમાં કહ્યું છે કે ભારત, નાઈટેડ કિંગડમ, અમેરિકા અને સિંગાપુરમાંથી સૌથી વધુ સિક્વન્સ અપલોડ કરવામાં આવ્યા છે. WHOએ હાલમાં જ મ.૧.૬૧૭ને કોવિડ-૧૯ નવા વેરિયેન્ટ તરીકે ઘોષિત કર્યા છે. આરોગ્ય સંસ્થાએ કહ્યું છે આમાં હળવા મ્યુટેશન આવે છે. જોકે અત્યાર સુધી એને ચિંતાજનક જાહેર નથી કરવામાં આવ્યા.

ભારત રોગચાળામાં નવા કેસો અને મોતોનો સામનો કરી રહ્યો છે. આશંકા છે કે જે પ્રકારે આંકડા વધી રહ્યા છે, એ ભારત માટે વિનાશકારી થઈ શકે છે. ભારતમાં મંગળવારે ૩.૫૦ લાખ કરતાં વધુ નવા કેસો નોંધાયા છે. WHOએ સ્વીકાર કર્યો હતો કે GISAID દ્વારા કરવામાં આવેલી સિક્વેન્સિંગનો આધાર પર એની શરૂઆતની મોડલિંગ એ ઈશારો કરે છે કે ભારતમાં અન્ય વેરિયેન્ટની તુલનામાં B.1.617નો વૃદ્ધિદર વધુ છે. એનાથી ટ્રાન્સમિશન ઝડપથી વધી શકે છે. WHOએ કહ્યું હતું કે કેટલાય અભ્યાસમાં કહેવામાં આવ્યું છે કે બીજી લહેરનો પ્રસાર પહેલાંની તુલનામાં બહુ ઝડપથી થયો છે. બીજી લહેરમાં કોરોનાના કેસો ઝડપથી વધવાના સંદર્ભમાં WHOએ લોકો દ્વારા લાપરવાહી દાખવાતાં સંક્રમણ ઝડપથી ફેલાયું હોવાનો અંદેશો વ્યક્ત કર્યો હતો. સંયુક્ત રાષ્ટ્રની એજન્સીએ ભાર મૂક્યો હતો કે B.1.617 અને અન્ય વેરિયન્યના સંબંધમાં અભ્યાસની જરૂર છે. SARS-COV2ના B.1.617 સ્વરૂપના બેવડા સ્વરૂપને ભારતીય સ્વરૂપ પણ કહેવામાં આવે છે. એ સ્વરૂપ રોગચાળાની બીજી લહેરથી ખરાબ રીતે પ્રભાવિત મહારાષ્ટ્ર અને દિલ્હીમાં મળી આવ્યું છે.

## કાચા માલની કિંમતો વધવાથી દવા ઉત્પાદન ખર્ચમાં ૫ થી ૨૦ ટકાનો વધારો

ન્યુ દિલ્હી,

દેશમાં કાચા માલની કિંમતો વધવાથી આગામી દિવસોમાં તેના ભાવમાં પણ વધારો થવાના અણસાર દેખાવા લાગ્યા છે. ઉદ્યોગ જગતના સુત્રો પાસેથી માહિતી મળી છે કે પેરાસીટામોલ જેવી દવાના કાચા માલના ભાવમાં લગભગ ૨૦ ટકાનો વધારો જોવા મળ્યો છે. દવા ઉત્પાદન સાથે સંકળાયેલા ધંધાર્થી અનુસાર, વીટામીન, તાવ, શરદી, બીપી, સુગર જેવી દવાઓના કાચા માલના ભાવ આ મહિને લગભગ ૫ થી ૨૦ ટકા સુધી વધી ગયા છે. આની પાછળનું કારણ જણાવતા તેમણે કહયું કે અમુક દવાઓની જરૂરીયાત કોરોનાના કારણે વધી છે તો બાકીની જરૂરી દવાઓ લોકો લોકડાઉન જેવી પરિસ્થિતિના ભયના લીધે પહેલાથી સંગ્રહ કરી લેવા માંગે છે તેના લીધે માંગ વધી ગઈ છે. માંગ વધવાના કારણે ઉત્પાદકોએ કાચો



માલ મોટા પાયે ખરીદવો પડે છે. માંગ અને સપ્લાયનું સમીકરણ બગડવાના કારણે ભાવો વધવાના શરૂ થઈ ગયા છે.

કાચો માલ મોંઘો થવાની સાથે સાથે દવાઓના પેકીંગમાં વપરાતી વસ્તુઓના ભાવો પણ વધી રહ્યા છે. દવા ઉદ્યોગ ભાવનિયંત્રક ઓથોરીટી એટલે કે એનપીપીએ સાથે સંપર્ક કરીને આ બાબતે હસ્તક્ષેપની માંગણી કરવા અંગે વિચાર કરી રહયો છે. જેથી મહામારીની આ પરિસ્થિતિમાં લોકો પર મોંઘી દવાઓનો બોજ ન પડે.

## ભયજનક સ્થિતિ, ૨૪ કલાકમાં ૩ હજારથી વધુ મૃત્યુ, ૩.૬૦ લાખથી નવા કેસ

ન્યુ દિલ્હી,

દેશમાં કોરોનાની બીજી લહેર દિવસેને દિવસે વધુ ભયાનક સ્વરૂપ ધારણ કરી રહી છે. છેલ્લા એકાદ સપ્તાહથી દેશમાં દરરોજ કોરોનાના ૩ લાખથી પણ વધારે નવા કેસ સામે આવી રહ્યા છે. છેલ્લા ૨૪ કલાકમાં ભારતમાં પહેલી વખત ૩,૦૦૦થી પણ વધારે લોકોના મોત થયા છે. વધી રહેલા કોરોના સંક્રમણ વચ્ચે દેશમાં હોસ્પિટલોની સ્થિતિ પણ ખૂબ જ ભયાનક છે.

તાજેતરના અહેવાલ પ્રમાણે ભારતમાં છેલ્લા ૨૪ કલાકમાં કોરોનાના કુલ ૩.૬૨ લાખ નવા કેસ નોંધાયા છે. જ્યારે ૩,૨૮૫ લોકોએ કોરોનાના કારણે પોતાનો જીવ ગુમાવ્યો છે. આ સાથે જ ભારતમાં કુલ મૃતકઆંક પણ ૨ લાખને પાર કરી ગયો છે. છેલ્લા



૨૪ કલાકમાં નોંધાયેલા ૩,૬૨,૯૦૨ નવા કેસની સાથે દેશમાં એક્ટિવ કેસનો આંકડો ૨૯,૭૨,૧૦૬એ પહોંચ્યો છે.

અત્યાર સુધીમાં દેશમાં કુલ ૧,૭૯,૮૮,૬૩૭ લોકો કોરોનાથી સંક્રમિત થયા છે અને તે પૈકીના કુલ ૨,૦૧,૧૬૫ લોકોએ કોરોનાના કારણે પોતાનો જીવ ગુમાવ્યો છે. વિશ્વમાં કોરોનાના કારણે થયેલા કુલ મૃત્યુ મામલે ભારત ચોથા નંબરે આવી ગયું છે. સૌથી વધુ મૃત્યુ અમેરિકા, બ્રાઝિલ અને મેક્સિકોમાં થયા છે અને તેના પછીના ક્રમે ભારતનો નંબર આવે છે.

મંગળવારે મહારાષ્ટ્રમાં સૌથી વધુ ૬૬,૩૫૮ નવા દર્દીઓ મળ્યા. આ પહેલાં અહીં ૪૮ હજાર સંક્રમિતો નોંધાયા હતા. કેરળ, કર્ણાટક અને ઉત્તરપ્રદેશ એવાં રાજ્ય છે, જ્યાં છેલ્લા ૨૪ કલાકમાં ૩૦ હજારથી વધુ લોકો સંક્રમિત મળ્યા. ઉત્તરપ્રદેશમાં ૩૨,૯૨૧, કેરળમાં ૩૨,૮૧૯ અને કર્ણાટકમાં ૩૧,૮૩૦ સંક્રમિત નોંધાયા છે.

અલગ-અલગ શહેરો પ્રમાણે જોવામાં આવે તો હાલ સૌથી વધુ દર્દીઓ બેંગલુરુમાં છે. અહીં એક્ટિવ દર્દીઓની સંખ્યા ૨ લાખ ૬ હજાર ૨૨૩ છે. અત્યારસુધીમાં આ શહેરમાં ૬ લાખ ૮૭ હજાર ૭૫૧ સંક્રમિત નોંધાયા છે, તેમાંથી ૪ લાખ ૭૫ હજાર ૫૨૫ લોકો સાજા થઈ ચૂક્યા છે, જ્યારે ૬૦૦૨ દર્દીનાં મૃત્યુ થઈ ચૂક્યાં છે. દેશમાં બીજા નંબરે પુણે છે. અહીં ૧ લાખ ૪ હજાર ૫૬૧ એક્ટિવ કેસ છે, જ્યારે દિલ્હીમાં ૯૮૨૬૪ એક્ટિવ કેસ છે.

કોરોનાથી સૌથી વધુ પ્રભાવિત મહારાષ્ટ્રમાં નવા કેસમાં સતત વધારો થઈ રહ્યો છે. સ્વાસ્થ્ય વિભાગ તરફથી રાત્રે જાહેર કરવામાં આવેલા આંકડા પ્રમાણે છેલ્લા ૨૪ કલાકમાં ૬૬,૩૫૮ લોકો કોરોનાથી સંક્રમિત થયા છે. આ સમય દરમિયાન ૬૭,૭૫૨ દર્દી રિકવર થયા છે. રાજ્યમાં અત્યાર સુધી ૪૪,૧૦૦,૮૫ લોકો કોરોનાની ઝપેટમાં આવ્યા છે. રાજ્યમાં છેલ્લા ૨૪ કલાકમાં ૮૯૫ દર્દીઓના મોત થયા છે. આ એક દિવસમાં મોતનો અત્યાર સુધીનો સૌથી મોટો આંકડો છે. રાજ્યમાં સોમવારે ૪૮,૭૦૦ નવા કેસ સામે આવ્યા હતા અને ૫૨૪ લોકોના મૃત્યુ થયા હતા. મહારાષ્ટ્રમાં ૧૮ એપ્રિલે સૌથી વધુ ૬૮,૬૩૧ કેસ સામે આવ્યા હતા.

રાજ્ય આરોગ્ય વિભાગ દ્વારા ગઈ કાલે સાંજે જાહેર કરાયેલા આંકડા મુજબ રાજ્યમાં છેલ્લા ૨૪ કલાકમાં કોરોનાના નવા ૧૪૩૫૨ દર્દીઓ નોંધાયા છે. આ સાથે કુલ કેસનો આંકડો ૫,૨૪,૭૨૫ પર પહોંચ્યો છે. રાજ્યમાં ગઈ કાલે ૭૮૦૩ દર્દી રિક્વર થયા. આ સાથે અત્યાર સુધીમાં કુલ ૩,૯૦,૨૨૯ લોકો કોરોનાને માત આપીને રિકવર થયા છે. એક જ દિવસમાં ૧૭૦ લોકોએ કોરોનાથી જીવ ગુમાવ્યો છો. આ સાથે રાજ્યમાં કોરોનાથી કુલ મૃત્યુનો આંકડો ૬૬૫૬ પર પહોંચ્યો છે.

## ૧ મેથી ૧૮+ વેક્સિનેશન પર ગ્રહણ, અનેક રાજ્યો પાસે સ્ટોક નથી

ન્યુ દિલ્હી,

કોરોનાને નાથવા માટે રસીકરણનું અભિયાન ચાલુ છે. આ અભિયાન ૧ મેથી નવી ગતિ પ્રાપ્ત કરવા જઈ રહ્યું છે. ૧ મેથી ૧૮ વર્ષ અને તેના કરતા વધુ ઉંમરના દરેક માટે ખુલ્લું રહેશે. તે જ સમયે, કેન્દ્ર સરકાર કહે છે કે રાજ્ય સરકાર પાસે એક કરોડથી વધુ રસી ઉપલબ્ધ છે.

પહેલી મેથી શરૂ થતાં રસીકરણના નવા તબક્કાના સંદર્ભમાં, કેન્દ્ર સરકાર કહે છે કે રાજ્ય, કેન્દ્રશાસિત પ્રદેશોમાં હજી ૧ કરોડ રસી બાકી છે. જ્યારે આગામી ત્રણ દિવસમાં ૮૦ લાખ ડોઝ પહોંચી રહ્યા છે. ભારત સરકારે રાજ્યોને અત્યાર સુધીમાં ૧૫.૬૫ કરોડ રસી મફતમાં આપી છે. કેન્દ્ર સરકારના જણાવ્યા અનુસાર, અત્યાર સુધી રાજ્યોએ કુલ ૧૪.૬૪ કરોડના ડોઝનો ઉપયોગ કર્યો છે. ત્યાં ૧૦ મિલિયન ડોઝ બાકી છે અને ૮ મિલિયનથી વધુ ડોઝ રાજ્યોને આગામી ત્રણ દિવસમાં મળી જશે. વેક્સિન ઉપર કેન્દ્રએ કર્યો રાજ્યોને નિર્દેશ વેક્સિન અંગે કેન્દ્ર સરકાર દ્વારા રાજ્યોને પત્ર લખવામાં આવ્યો છે. આમાં કેન્દ્રએ કહ્યું છે કે રસી સ્ટોકનો આ રીતે ઉપયોગ થતો હતો . જેથી ૧૮ વર્ષથી વધુ ઉંમરના લોકોને રસીની નવો સપ્લાય મળી શકે. જે પુરવઠો સીધો રાજ્યોમાં આપવામાં આવે છે, તેનો ઉપયોગ ૧૮ વર્ષથી ઉપરના લોકો માટે કરવામાં આવે છે

કેન્દ્રનું કહેવું છે કે વેક્સિન ઉત્પાદકો પાસેથી અડધો પુરવઠો કેન્દ્રને આપવામાં આવશે, જેનું કેન્દ્ર રાજ્યોમાં વિતરણ કરવામાં આવશે. કેન્દ્રમાંથી એવી રીતે રાજ્યોને પુરવઠો પૂરો પાડવામાં આવી રહ્યો છે, તેનો ઉપયોગ ૪૫ વર્ષથી વધુ ઉંમરના લોકો માટે થવો જોઈએ, જેમ કે હાલમાં થઈ રહ્યું છે. મહારાષ્ટ્ર, છત્તીસગઢ, રાજસ્થાન, ઝારખંડ, ઓડિશા જેવા ઘણા



રાજ્યોએ રસીની ઉણપનો મુદ્દો ઉઠાવ્યો છે, જ્યારે કેટલાક સ્થળોએ રસીકરણ પણ બંધ કરાયું હતું. રસીકરણના નવા તબક્કાના સંદર્ભમાં, રાજસ્થાનના આરોગ્ય પ્રધાન રઘુ શર્મા કહે છે કે આપણા રાજ્યમાં, ૧૮-૪૫ વર્ષની વય વચ્ચે કુલ ૩.૨૫. કરોડ લોકો છે, આવી સ્થિતિમાં સાત કરોડ રસી ડોઝની જરૂર છે.

અમારી સરકારે અત્યાર સુધીમાં ૩.૭૫ કરોડ રસી બુક કરાવી છે, પરંતુ સીરમ ઈન્સ્ટિટ્યૂટ તરફથી એવું કહેવામાં આવે છે કે તેઓ ૧૫ મે પહેલાં આપી શકતા નથી. આ રીતે, અમે રસીકરણ કેવી રીતે શરૂ કરી શકીએ.

આ રાજ્યો સિવાય, જો આપણે ગુજરાતની વાત કરીએ, તો ૬ લાખ ડોઝ બચ્યા છે અને ૫ લાખનો જથ્થો પહોંચવાનો છે. તે જ સમયે, બંગાળને અત્યાર સુધીમાં ૧.૦૯ કરોડ ડોઝ પ્રાપ્ત થયા છે, જેમાંથી ચાર લાખ બાકી છે અને ૪ લાખ વધુ પ્રાપ્ત થવાના છે.

## ૧ મેથી એક્સિસ બેંકમાંથી રોકડ નીકાળવી થઈ જશે મોંઘી! ખાતમાંથી કપાઈ જશે પૈસા

ન્યુ દિલ્હી,

ખાનગી ક્ષેત્રની એક્સિસ બેંકમાંથી નાણાં ઉપાડવા માટે વધુ ચૂકવણી કરવી પડશે. જ્યારે બચત ખાતા, પગાર ખાતા સહિતની અન્ય સુવિધાઓ માટેના ચાર્જમાં વધારો કરવામાં આવ્યો છે. એક્સિસ બેંકે ૧ મે ૨૦૨૧ થી તેના બચત બેંક ખાતા ધારકોને વિવિધ સર્વિસ ચાર્જમાં વધારો કરવાની જાહેરાત કરી છે. આમાં એટીએમમાંથી પૈસા ઉપાડવા, એસએમએસ ચેતવણીઓ ચાર્જ કરવા અને બચત ખાતામાંથી પગાર ખાતા સુધીના પૈસા શામેલ છે. બેંકે વિવિધ પ્રકારના ખાતાઓ માટે ન્યૂનતમ બેલેન્સમાં વધારો કર્યો છે. આ દર ૧ મે ૨૦૨૧ થી લાગુ થશે.

એક્સિસ બેંકમાંથી રોકડ ઉપાડવું મોંઘુ થશે. એક્સિસ બેંક દર મહિને ૪ એટીએમ ટ્રાંઝેકશન અથવા ૨ લાખ રૂપિયાના ટ્રાંઝેકશનની ઓફર કરે છે. આ પછી, વધારાના વ્યવહારો પર ચાર્જ આપવો પડશે. ૧૦૦૦ રૂપિયા દીઠ ૫ રૂપિયા. હવે ૧ મેથી હવે ગ્રાહકોએ ૧૦૦૦ રૂપિયાની રોકડ ઉપાડ માટે ૧૦ રૂપિયા ચૂકવવા પડશે.

બેંકની વેબસાઈટ અનુસાર, હવે બેંક પ્રતિ એસએમએસ પર ૨૫ પૈસા લેશે. હાલમાં દર મહિને ૫ રૂપિયા લે છે. તેમાં ઓટીપી અને બેંક દ્વારા મોકલેલા પ્રમોશનલ એસએમએસ શામેલ નથી. આ નવો દર ૧ જુલાઈ ૨૦૨૧ થી લાગુ થશે. જણાવી દઈએ કે આ ચાર્જ પ્રીમિયમ એકાઉન્ટ્સ, પગાર એકાઉન્ટ્સ અને મૂળ એકાઉન્ટ્સ માટે અલગ છે.

એક્સિસ બેંકે ૧ મે ૨૦૨૧ થી ન્યૂનતમ સરેરાશ બેલેન્સ મર્યાદામાં વધારો કર્યો છે. મેટ્રો શહેરોમાં એક્સિસ બેંકની સરળ બચત યોજનાઓવાળા ખાતા માટે ન્યૂનતમ બેલેન્સ આવશ્યકતા ૧૦,૦૦૦ રૂપિયાથી વધારીને ૧૫,૦૦૦ રૂપિયા કરવામાં આવી છે. આ તમામ ઘરેલું અને એનઆરઆઈ ગ્રાહકોને લાગુ પડશે.

એક્સિસ બેંકે પગાર ખાતાના નિયમોમાં પણ ફેરફાર કર્યા છે. જો તમારું પગાર ખાતું ૬ મહિનાથી વધુ જૂનું છે અને કોઈ પણ એક મહિનામાં ક્રેડિટ નથી, તો દર મહિને ૧૦૦ રૂપિયા ચાર્જ લેવામાં આવશે. જો તમારા ખાતામાં ૧૭ મહિના સુધી કોઈ લેણદેણ નથી, તો ૧૮ મા મહિનામાં, ૧૦૦ રૂપિયાના એક સમયનો ચાર્જ લેવામાં આવશે.

## રાજ્યના અનેક વિસ્તારોમાં હજુ ચાર દિવસ વરસાદ પડે એવી શક્યતાઃ હવામાન વિભાગ

અમદાવાદ,

અમદાવાદ સહિત રાજ્યભરમાં તાપમાનનો પારો ઉંચકાયો છે. રાજ્યના મોટાભાગના શહેરોમાં તાપમાનનો પારો ૪૦ ડિગ્રીને પાર કરી ગયો છે. મંગળવારે અમદાવાદ સહિત રાજ્યના કુલ આઠ શહેરોમાં તાપમાન ૪૨ ડિગ્રી પહોંચી જતાં હવામાન વિભાગ દ્વારા યલો એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે. સતત બીજા દિવસે પણ અમદાવાદમાં મહત્તમ તાપમાન ૪૨.૯ ડિગ્રી નોંધાયું છે. તે ઉપરાંત હવામાન વિભાગે આગામી પાંચ દિવસ સુધી રાજ્યમાં થન્ડર સ્ટ્રોમની આગાહી કરી છે. અમદાવાદમાં આજે સાંજે કમોસમી વરસાદ થવાની પણ શક્યતાઓ વ્યક્ત કરવામાં આવી છે. વીજળીના ચમકારા અને ૪૦ કિ.મીની ઝડપે પવન ફુંકાશે. રાજ્યમાં સૌથી ઉંચુ તાપમાન ઉત્તર



ઓરેન્જ એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે. હવામાન વિભાગ દ્વારા જાહેર કરવામાં આવેલી વિગતો પ્રમાણે મંગળવારે અમદાવાદ, ડિસા, ગાંધીનગર,વડોદરા, રાજકોટ, સુરેન્દ્રનગર અને ભુજમાં મહત્તમ તાપમાનનો પારો ૪૧ ડિગ્રીને પાર કરી ગયો છે. બીજી તરફ ભાવનગર અને ઓખામાં તાપમાન સાવ ગગડી ગયું હતું. અચાનક જ તાપમાનનો પારો ૨૭ ડિગ્રીની

રાજ્યમાં ગરમી તેમજ વરસાદને લઈને હવામાન વિભાગે આગાહી કરતાં જણાવ્યું હતું કે આગામી બે દિવસમાં સૌરાષ્ટ્ર, ઉત્તર ગુજરાત તેમજ અમદાવાદ સહિતનાં કેટલાંક શહેરોમાં ગરમીનુંપ્રમાણ ૩થી ૪ ડીગ્રી સુધી વધી શકે છે, એટલે કે તાપમાન ૪૧ ડીગ્રીથી વધી ૪૩થી ૪૪ ડીગ્રી સુધી પહોંચી શકે છે. બીજી તરફ રાજકોટ, સુરેન્દ્રનગર, મોરબી, જૂનાગઢ, અમરેલી, વલસાડ સહિતના મોટા ભાગના વિસ્તારોમાં ભારે પવન સાથે હળવાથી સામાન્ય વરસાદની આગાહી કરવામાં આવી છે.

અમદાવાદ શહેરમાં મંગળવારે રાતના ૯ વાગ્યે અચાનક જ ભારે પવન ફૂંકાવાનો શરૂ થયો હતો, જેને પગલે છાપરાં ઊડીને રસ્તા પર પડ્યાં હતાં. ભારે ધૂળની ડમરીઓ ઊડી હતી. પવન ફૂંકાવાને કારણે લોકોમાં ભય ફેલાયો હતો. જોકે નાઈટ કર્ફ્યૂ અમલમાં હોવાથી મોટા ભાગનાં શહેરીજનો ઘરમાં જ હતાં, પરંતુ ઘરની બારીઓ-બારણાંઓ જોરથી અથડાવા લાગ્યાં હતાં તેમજ ઘરોમાં ધૂળ ઊડીને આવી ગઈ હતી તેમજ કેટલાક વિસ્તારોમાં વીજળી ગૂલ થઈ હતી. વરસાદી માહોલ થઈ ગયો હતો. લગભગ ૩૦ કિ.મી. પ્રતિ કલાકની ઝડપે પવન ફૂંકાયો હતો.

મહિસાગર આવૃત્તિ
લુણાવાડા, ખાનપુર, સંતરામપુર, બાલાસિનોર, વિરપુર, કડાણા
પંચમહાલ સમાચાર

# મહિસાગર જિલ્લામાં આજે ૧૫૫ પોઝિટિવ કેસ નોંધાયા

લુણાવાડા,

કોરોના વાયરસની સામે લડવા કેન્દ્ર અને રાજય સરકારે અગમચેતીનાં સંખ્યાબંધ પગલાંઓ લીધા છે. કોરોના સામે લડવા લોકોની જાગૃતિ એટલી જ જરૂરી છે. જાગૃતિ અને સાવધાની એ જ બચાવનું શ્રેષ્ઠ માદયમ સાબિત થયા છે. ત્યારે મહીસાગર જિલ્લા કલેકટર આર. બી. બારડ અને જિલ્લા વિકાસ અધિકારી નેહા કુમારીના સીધા માર્ગદર્શન હેઠળ જિલ્લા આરોગ્ય તંત્ર દ્વારા અનેકવિધ પગલાંઓ ભરવામાં આવી રહ્યા છે.

મહીસાગર જિલ્લામાં આજે બાલાસિનોર તાલુકાની ૧૧ સ્ત્રી, ૧૯ પુરૂષ, કડાણા તાલુકાની ૦૬ સ્ત્રી, ૦૯ પુરૂષ, ખાનપુર તાલુકાની ૦૮ સ્ત્રી, ૦૯ પુરૂષ, લુણાવાડા તાલુકાની ૨૧ સ્ત્રી, ૧૪ પુરૂષ, સંતરામપુર તાલુકાની ૧૩ સ્ત્રી, ૨૫ પુરૂષ, વિરપુર તાલુકાની ૦૯ સ્ત્રી, ૧૧ પુરૂષનો કોરોના રીપોર્ટ પોઝીટીવ આવ્યા છે.



આમ, જિલ્લામાં કોરોનાના અત્યાર સુધીમાં એટલે કે તારીખ ૨૮-૦૪-૨૦૨૧ ના સાંજના ૫-૦૦ વાગ્યા સુધીમાં ૪૧૫૬ કેસ પોઝીટીવ નોધાયા છે.

આજે જિલ્લામાં સારવાર લઈ રહેલા દર્દીઓ પૈકી બાલાસિનોર તાલુકાની ૦૨ સ્ત્રી, ૦૫ પુરૂષ, કડાણા તાલુકાની ૦૩ સ્ત્રી, ૦૫ પુરૂષ, ખાનપુર તાલુકાની ૦૨ સ્ત્રી, ૦૩ પુરૂષ, લુણાવાડા તાલુકાની ૦૪ સ્ત્રી, ૦૩ પુરૂષ, સંતરામપુર તાલુકાની ૦૪ સ્ત્રી, ૦૫ પુરૂષ અને વિરપુર તાલુકાના ૦૪ પુરૂષ દર્દીઓએ કોરોનાને મ્હાત આપતાં તેમને રજા આપવામાં આવી છે.

આમ, જિલ્લામાં અત્યાર સુધીમાં કુલ ૩૦૯૧ દર્દીઓ સ્વસ્થ થઈને સ્વગૃહે પરત ફર્યા છે. જિલ્લામાં કોરોનાના સંક્રમણને કારણે ૧૨ વ્યક્તિનું મૃત્યુ થયા છે. જયારે અન્ય કારણથી ૪૦ દર્દીનુ મૃત્યુ થતાં જિલ્લામાં કુલ ૫૨ મૃત્યુ નોંધાવા પામ્યા છે. અત્યાર સુધીમાં જિલ્લામાં સીઝનલફલુ/ કોરોનાના કુલ ૧૯૭૫૯૦ રીપોર્ટ નેગેટીવ આવ્યા છે. તેમજ જિલ્લાના ૫૭૮ વ્યક્તિઓને હોમ ક્વોરોન્ટાઈલ હેઠળ રાખવામાં આવ્યા હોવાનું મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીએ જણાવ્યું છે.

મહીસાગર જિલ્લામાં કોરોના પોઝીટીવના કારણે ૩૬ દર્દી ડીસ્ટ્રીકટ હોસ્પિટલ-લુણાવાડા, ૬૩૯ દર્દી હોમ આઈસોલેશન, ૮૨ દર્દી એસ. ડી.એચ.સંતરામપુર અને ૫૧ દર્દી અન્ય જિલ્લા ખાતે તેમજ ૨૦૫ દર્દી પ્રાઈવેટ હોસ્પિટલ મહીસાગર ખાતે સારવાર હેઠળ છે. કોરોના પોઝીટીવ આવેલ દર્દીઓ પૈકી ૮૫૬ દર્દીઓ સ્ટેબલ અને ૧૪૯ દર્દીઓ ઓકિસજન પર અને ૦૮ વેન્ટીલેટર પર છે.

**મહીસાગરમાં કોરોનાના કેસની સંખ્યા**

| |
|---|
| બાલાસીનોર-૩૦ |
| કડાણા-૧૫ |
| ખાનપુર-૧૭ |
| લુણાવાડા-૩૫ |
| સંતરામપુર-૩૮ |
| વિરપુર-૨૦ |

# સંતરાપુરના ગોધર(૫) ગામે કોરોના સંક્રમણથી સુરક્ષિત રહે તે માટે આરોગ્ય વર્ધક અમૃતપેય ઉકાળા-સંશમનીવટીનું વિતરણ

લુણાવાડા,

વિશ્વવ્યાપી મહામારી કોરોના વાયરસ, કોવિડ-૧૯ના સંક્રમણ સામેનો જંગ ગુજરાતમાં નાગરિકોની રોગપ્રતિકારક શકિત વધારીને જીતવા મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીએ આરોગ્ય વિભાગ અને આયુષ આયુર્વેદ વિભાગને વ્યાપક ઉપાયો-પગલાં માટે પ્રેરિત કર્યા છે.ત્યારે રોગપ્રતિકારક શકિત વધારવામાં આયુર્વેદ દવાઓનો મહત્વપૂર્ણ ફાળો રહેલો છે અને આ દવાઓના અનેક સારા પરિણામો મળ્યા છે તેને પગલે મુખ્યમંત્રીએ કોરોના સંક્રમણની આ બીજી લ્હેરમાં પણ આયુર્વેદ-


તસ્વીર : બશીર પઠાણ, સંતરામપુર

હોમિયોપેથી ઔષધિઓના ઉપયોગથી કોરોના સામેનો જંગ જિતવાની પ્રતિબદ્ધતા દર્શાવી છે.

ત્યારે મહિસાગર જિલ્લામાં પણ વધતા કોરોના સંક્રમણને ધ્યાને લઈ કોરોનાની મહામારીની પરિસ્થિતિમાં ગ્રામજનોને કોરોનાવાયરસ ના સંક્રમણથી સુરક્ષિત રાખવા તેમની રોગપ્રતિકારક શક્તિમાં વધારો થાય તે માટે જિલ્લા કલેકટર આર.બી.બારડ અને જિલ્લા વિકાસ અધિકારી નેહા કુમારી ના માર્ગદર્શન હેઠળ અને જિલ્લા મુખ્ય આરોગ્ય અધિકારી તથા જિલ્લા આયુર્વેદિક અધિકારીની રાહબરી હેઠળ જિલ્લા તાલુકાના આરોગ્યતંત્રની વિવિધ ટીમો ના આરોગ્ય કર્મીઓ સતત જિલ્લાના ગામે ગામ ફરીને પોતાની મહત્ત્વની ફરજો અદા કરી આયુર્વેદિક ઉકાળા, આયુર્વેદિક ગોળી સંશમનીવટીનું વિતરણ કરવામાં આવી રહ્યું છે.

આ આરોગ્ય ટીમે આયુષ મંત્રાલયના દિશાનિર્દેશો પ્રમાણે સંતરાપુર તાલુકાના ગોધર(૫) ગામે ગ્રામ્યજનોની રોગપ્રતિકારક શક્તિમાં વધારો થાય તે માટે તેમજ કોરોનાવાયરસના સંક્રમણથી સુરક્ષિત રહે તે માટે આર્યુવેદિક ઉકાળાનું વિતરણ કરવાની સાથે આયુર્વેદિક ગોળી સંશમનીવટીનું પણ વિતરણ કરી તેમની તંદુરસ્તી જળવાઈ રહે તે માટે આરોગ્ય તંત્રના અધિકારીઓ અને કર્મયોગીઓ યુદ્ધના ધોરણે કામગીરી કરી કોરોના સંક્રમણ ને નિયંત્રણમાં લેવાના પ્રયાસો કરી રહ્યા છે.

આરોગ્યની આ ટીમોમાં આયુર્વેદિક મેડીકલ ઓફિસર ઉર્મીલા કટારા સહિત સામાજીક કાર્યકર, શિક્ષક અને સ્વયંસેવકો પણ સહયોગ આપી કોરોના વાયરસના સંક્રમણને નિંયત્રણમાં રાખવા સઘન પગલાઓ લેવામાં આવી રહ્યા છે.

# મહીસાગરના દરેક નાગરિકે કોરાના વિરોધી રસી લઈ કોરાનામુકત ભારતના અભિયાનને સાર્થક કરવા કરી અપીલ

લુણાવાડા,

કોરાનાની વૈશ્વિક મહામારી સામે સમગ્ર વિશ્વ એકજુટ થઈ મહામારીના અંત માટે લડત કરી રહયું છે ત્યારે વેકિસન એક શ્રેષ્ઠ ઈલાજ છે. ભારતના વૈજ્ઞાનિકોએ આડઅસર રહિત કોરાના રસી બનાવી છે. ત્યારે આ રસી લઈને કોરાનાના સંક્રમણને કાબુમાં લેવા અને રસીકરણ અભિયાનમાં જોડાવા લુણાવાડા શહેર ના પૌલમકુમાર દોશીએ અર્બન હેલ્થ સેન્ટર લુણાવાડા ખાતે કોવિશિલ્ડ વેકશીનનો બીજો ડોઝ લઈ ભારત સરકાર અને ગુજરાત સરકારના કોરાના સંક્રમણને ખાળવાના પ્રયાસને આવકારી પ્રતિભાવ આપતા કહ્યું કે જે લોકો રસી માટે પાત્રતા ધરાવે છે,


તસ્વીર : કિરન પટેલ, લુણાવાડા

તેઓએ સમયસર રસી મૂકાવી કોરાના મુકત દેશની દિશામાં સહભાગી બનવાનો આ સમય છે.

દોશીએ દેશમાં વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી અને ગુજરાતમાં મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીના કોરાના સામે જાગૃતિ અને અસરકારક પગલામાં સહભાગી થવા અને સીનીયર સીટીજનો તેમજ ૪૫ વર્ષથી વધુ વયના પાત્રતા ધરાવતા લોકોને રસી લેવા તેમજ આડઅસરની અફવાથી દૂર રહેવા અપીલ કરી છે.

આગામી તા. ૧ લી મે- ૨૦૨૧ થી ૧૮ વર્ષ ઉપરના તમામ નાગરિકોને વિનામૂલ્યે કોરોના પ્રતિરોધક રસી આપવાનું મહાઅભિયાન શરૂ કરવામાં આવશે. તેઓએ પણ રસી લઈને કોરાના સામે સુરક્ષાકવચ મેળવ્યું છે. ત્યારે આ આવી પડેલી મહામારીમાંથી બહાર આવવા વેકિસન જ શ્રેષ્ઠ ઉપાય છે. સૌને રસી મુકાવવા તેઓએ અનુરોધ કર્યો છે.

અત્રે ઉલ્લેખનીય છે કે રાજયમાં કોરાનાના કેસો વધતા સરકારે કેસોમાં ઘટાડો થાય અને વધુ લોકો સંક્રમિત ન થાય તે માટે વિવિધ ગાઈડલાઈન જારી કરી છે. રસીકરણના કેન્દ્રો વધારી તેમાં કામગીરીનો સમય પણ વધાર્યો છે. આરોગ્ય વિભાગ દ્વારા મહીસાગર જિલ્લામાં પણ કોરોના વિરોધી રસીકરણ અભિયાને વેગવંતુ બનાવી કામગીરી ઝડપી કરવામાં આવી રહી છે.

# સંતરામપુરમાં સ્વૈચ્છિક લોકડાઉનના બંધ દરમ્યાન ચાર વહેપારીઓએ ધંધો ચાલુ રાખતા દુકાનો સીલ કરાઈ



સંતરામપુર,

સંતરામપુર નગરમાં સ્વયંભૂ બંધ રહ્યું સંતરામપુર નગરમાં સંતરામપુરના ધારાસભ્યો અને વહીવટી તંત્ર દ્વારા ૧૦ દિવસ માટે સ્વૈચ્છિક બંધ રાખવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો. તેમાં સંતરામપુરના દરેક વિસ્તારમાં આજે સ્વયંભૂ બંધ રાખવામાં આવેલું હતું. સવારે કેટલાક વેપારીઓએ અંદરખાને ધંધો રોજગાર કરતા તંત્ર જાણ થતાં જ બે વેપારી અટકાયત અને ચાર દુકાનો સીલ કરવામાં આવેલી હતી. પોલીસ વિભાગ અને નગરપાલિકા દ્વારા દસ દિવસ લોકડાઉન દરમિયાન સંતરામપુર નગર અને તાલુકામાં બાજનજર રહેશે. સંતરામપુરમાં કોરોનાનું સંક્રમણ અટકાવવાની ઘટાડવા માટે માત્ર એક જ ઉપાય હતો. આ દસ દિવસનો લોકડાઉન કરતા કોરોના સંખ્યાનું પ્રમાણ પણ ઘટશે. સંતરામપુર નગરમાં આજે સ્વયંભૂ સંપૂર્ણ બંધ પાડવામાં આવેલું લગનના અલગ-અલગ વિસ્તારો પ્રતાપપુરા નવા બજાર, મોટા બજાર, ઢાલ બજાર, બસ સ્ટેશન ચાર રસ્તા, ગોધરા ભાગોળ દરેક વિસ્તારોમાં પોલીસ અને નગરપાલિકા દ્વારા સઘન પેટ્રોલિંગ કરવામાં આવેલું હતું અને સંપૂર્ણ બંધ રાખવામાં આવેલું હતું. ફળો અને શાકભાજીના વેપારીઓના સુચના આપવામાં આવેલી તે અને કિરણા સ્ટોર વાલા તમારે સોશિયલ ડિસ્ટન્સ અને સરકારના નિયમ મુજબ પાલન કરવું પડશે સંતરામપુર નગરમાં લોકડાઉનના પ્રથમ દિવસે સ્વયંભૂ બંધ જોવા મળ્યું હતું. નગરના તમામ વેપારીઓ લોકડાઉનનો સાથ અને સહકાર આપ્યો હતો.

# લુણાવાડાના ભલાડાવાલામાં હોલસેલની દુકાનમાંથી અલગ અલગ બ્રાન્ડના ૩.૪૫ લાખના તેલના ડબ્બાની ચોરી કરી જતાં ફરિયાદ

લુણાવાડા,

મહિસાગર જિલ્લાના મુખ્ય મથક લુણાવાડા ગામમાં આવેલ ભલાડાવાલાની હોલસેલ દુકાનમાંથી અલગ અલગ બ્રાન્ડના તેલના ડબ્બા નં-૧૫૭ જેની કિ.રૂ.૩,૪૫,૪૦૦ની ચોરી થઈ હતી.

લુણાવાડા ગામની બહાર આવેલી હોલસેલ દુકાન ભલાડાવાલા એન્ડ સન્સના માલિક અર્પિતકુમાર નિરંજભાઈ શાહ બે દિવસ સામાજિક પ્રસંગે બહાર ગયા હતા. તે દરમિયાન ચોર મોંઢા બાંધીને આઈસર ટેમ્પો લઈ આવ્યા હતા. દુકાનના શટરને મારેલા તાળાના ભાગનો નકુચો તોડી દુકાનમાંથી અલગ અલગ બ્રાન્ડના તેલના ડબ્બા નં-૧૫૭ લઈ ગયા હતા. જેની કિ.રૂ.૩,૪૫,૪૦૦ની થાય છે. જેની ચોરી કરી તસ્કરો નાસી ગયા હતા. બનાવની પોલીસ ફરિયાદ અર્પિતકુમાર નિરંજભાઈ શાહે લુણાવાડા પોલીસ મથકે કરતા લુણાવાડા પોલીસે અજાણ્યા શખ્સો સામે ગુનો નોંધી તપાસ હાથ ધરી હતી.

# જિલ્લા કલેકટર આર. બી. બારડની મહીસાગરવાસીઓને હૃદય સ્પર્શી અપીલ

લુણાવાડા,

હાલમાં સમગ્ર ભારત સહિત રાજય અને મહીસાગર જિલ્લામાં કોરોનાના વધતા જતા સંક્રમણને જોતાં જિલ્લાના તમામ તાલુકા મથકો, મુખ્ય બજારો સ્વૈચ્છિક રીતે તો કેટલાં બજાર સંપૂર્ણ બંધ જાહેર કરવામાં આવ્યા છે. આના પરથી જ સમજી શકાય છે કે કોરોના વાયરસનું સંક્રમણ અતિ ગંભીર સ્ટેજમાં ચાલી રહ્યું છે.

આવા સંજોગોમાં જિલ્લા કલેકટર આર. બી. બારડે મહીસાગરવાસીઓને આવા કપરા અને કોરોના વાયરસના અતિ ગંભીર સ્ટેજમાં જરૂર ન હોય, આવશ્યકતા ન હોય અને ઈમરજન્સી ન હોય તો ઘરની બહાર ન નીકળવું આજના સંજોગોમાં ખૂબ જ હિતાવહ છે. સાથોસાથ જો આપણને ઘરની બહાર જવું જ પડે તેવું હોય તો માસ્ક પહેરીને જ ઘરની બહાર નીકળીએ, તેટલું જ નહીં પણ સોશિયલ ડિસ્ટન્સીંગનું પાલન કરીએ અને વારંવાર સાબુ/ સેનેટાઈઝરનો ઉપયોગ કરી હાથ ધોતા રહીએ તેમ જણાવી આપની-બાળકોની-કુટુંબની-સમાજની સુખાકારી અને તંદુરસ્તી માટે જરૂર વગર ઘરની બહાર ન નીકળવાની હૃદય સ્પર્શી અપીલ કરી છે.

બારડે વધુમાં જિલ્લાની દુકાનો, દવાખાનાઓ, દવાની દુકાનો, પેટ્રોલ પંપ માલિકોને કામ કરતાં કર્મચારીઓ અને આવતા દર્દીઓ, ગ્રાહકો અવશ્ય માસ્ક પહેરલો જ રાખે અને સોશિયલ ડિસ્ટન્સીંગનું પાલન જળવાઈ રહે તે જોવા પણ ખાસ અપીલ કરી છે.

# એક પરિવારની બે ડૉક્ટર દીકરીઓ ઘરે ઘરે જઈ આપી રહી છે મફત સેવા

વિરપુર,

રાજ્યનાં મોટા શહેરોથી લઈને નાના ગામડાઓ સુધી કોરોનાની બીજી લહેર વ્યાપી ગઈ છે. આ વખતે કોરોનાએ હાહાકાર મચાવી દીધો છે ત્યારે સંક્રમિત દર્દીઓની સંખ્યામાં એકદમ ઉછાળો નોંધાતા તંત્ર અને સરકારી દવાખા સગવડ તમામ લોકો સુધી પહોંચાડવામાં અસમર્થ બન્યા છે. ત્યારે કપરા કોરોનાકાળમાં મહેસાણાનાં વિરપુરનગરની બે દીકરોએ વતનનું ઋણાનુબંધ ચૂકવવા માટે ભગીરથ કાર્ય શરૂ કર્યું છે. મહિસાગર જિલ્લાનાં વિરપુર નગરની બે ડૉક્ટર દીકરીઓએ ઘરે ઘરે જઈ મફત હોમ કોવિડ કેર સેવા શરૂ કરી છે.

મહીસાગર જિલ્લાના વિરપુર નગરમાં રહેતા શુક્લ પરિવારની બે દીકરીઓએ MBBSની ડિગ્રી લીધી છે. જે બાદ કોરોના મહામારીમાં વિરપુર નગર અને આસપાસનાં ગામમાં ઘરે ઘરે જઈ મફત હોમ કોવિડ કેર સેવા શરૂ કરી છે. ડૉ.હેત્વી શુક્લ અને ડૉ.કોમલ શુક્લએ મહાનગરમાં નહીં પરંતુ પોતાના વતન એવા વીરપુર જેવા



નાના ગામમાં આવા કોરોનાના કપરા સમયે સેવા કાર્ય શરૂ કરી માનવ સેવા સાથે વતનનો ઋણ ચૂકવવાનું નક્કી કર્યું છે.

ડૉ.હેત્વી પીનાકીન શુક્લ અને ડૉ.કોમલ પૃથ્વીરાજ શુક્લ કહે છે કે, સમાજમાં ડોક્ટરના વ્યવસાયને નોબલ પ્રોફેશન માનવામાં આવે છે. દુનિયામાં સૌથી કિંમતી એવા માનવજીવને બચાવવામાં ડોક્ટરની ફરજ છે. જેથી ડૉક્ટર મદદરૂપ બની શકે છે. ખાસ કરીને નાના ગામડાઓના લોકોને સારી સારવાર મેળવવા માટે મહાનગર તરફ મીટ માંડવી પડે છે. હું વીરપુર જેવા નાના ગામમાં રહુ છું એટલે મને ખ્યાલ છે કે, લોકોને સારી સારવાર મેળવવા કેટલી તકલીફ પડે છે. ને લોકોને સારવાર મેળવવા ૧૦૦-૧૫૦ કિલોમીટર દૂર એવા અમદાવાદ, વડોદરા સુધી જવુ પડતું હોય છે. ત્યારે. હાલ ચાલી રહેલી કોરોના મહામારીએ માથું ઊંચક્યું છે તેવામાં વીરપુર તાલુકામાં પોઝિટિવ દર્દીઓ દિન-પ્રતિદિન કોરોનાના પોઝીટીવ દર્દીઓમાં સતત વધારો નોંધાઈ રહ્યો છે. આવા કપરા સમયમાં નાના ગામામાં પણ લોકોને સારી સેવા-સારવાર મળી રહે અને ખાસ વતનનું થોડું-ઘણું ઋણ ચૂકવવાનો એક અવસર માનીએ છીએ. જેથી મફત હોમ કોવિડ કેર સેવા આપવાની તત્પરતા બતાવી છે.

તેમણે વધુમાં જણાવ્યું કે, કેન્દ્રની ગાઈડલાઈન પ્રમાણે ઓક્સિજન લેવલ-પલ્સ મીટર, દવાઓ, લેબોરેટરી તપાસ વગેરી સહિતની સેવાઓ મફતમાં આપવાનું નક્કી કર્યું છે. જેમાં પિતા પીનાકીન મુકેશ શુક્લ દ્વારા દવાઓ અને સાધન-સામાન મોંઘી દાટ દવાઓ લાવવા માટે ફાયનાન્સલી યોગદાન આપવામાં આવી રહ્યું છે.

# સંતરામપુરમાં આરોગ્ય વિભાગના કર્મચારી માટે PP કીટનો અભાવ


તસ્વીર : બશીર પઠાણ, સંતરામપુર

સંતરામપુર,

સંતરામપુર નગરમાં કોરોના મહામારી અને સતત વધારો થઈ રહ્યો છે. આરોગ્ય વિભાગના કર્મચારી રોજના નાગરિકો ૫૦૦ જેટલા કોરોના ટેસ્ટ કરતા હોય છે આરોગ્ય કર્મચારી પોતાના જીવ જોખમમાં મૂકીને ફરજ નિભાવતા હોય છે પરંતુ સરકારી તંત્ર દ્વારા આવા કર્મચારીઓ અને અધિકારીઓને સંપૂર્ણ સુવિધા પૂરી પાડવમાં આવતી જ નથી. આજે ખતરારૂપ કામગીરીમાં pp કીટ વિના કામગીરી કરવી પડતી હોય છે. આરોગ્ય વિભાગના કર્મચારીઓને કીટની સુવિધા પૂરી પાડવામાં આવતી જ નથી. આના કારણે કોરોના ટેસ્ટ કરાવતા દરમિયાન દર્દીઓને અને આરોગ્ય કર્મચારી ને પણ ખતરારૂપ સાબિત થઈ શકે છે. આવી ગંભીર પરિસ્થિતિમાં પણ સરકારી તંત્ર દ્વારા આરોગ્ય વિભાગને કર્મચારીઓને સંપૂર્ણ સુવિધા પૂરી પાડવી જોઈએ.

# દાહોદની મહિલાને ગોધરાના પોલીસ હેડ કવાર્ટર લાવી પોલીસ કર્મી દ્વારા બળજબરી કરાતા ફરિયાદ

ગોધરા,

દાહોદ શહેરની મહિલાને ગોધરા પોલીસ હેડ ક્વાર્ટર ખાતે લાવી રાત્રિના સમયે પોલીસ કર્મીએ મહિલા સાથે બળજબરી કરતા મહિલાએ ગોધરા શહેર પોલીસ મથકે ફરિયાદ નોંધાવી હતી. પ્રાપ્ત વિગતો અનુસાર દાહોદ શહેરની મહિલાએ ગોધરા શહેર એ-ડીવીઝન પોલીસ મથક ખાતે ફરિયાદ નોંધાવતા જણાવ્યુ હતુ કે, તેઓને કોરોના પોઝીટીવ આવતા હોમ કોરેન્ટાઈન થયા હતા. જે દરમિયાન તેઓને વિકનેસ આવતા દવાખાને લઈ જવા માટે નીમલબેનને ફોનથી જણાવ્યુ હતુ. જેથી સાથીદાર નીલમબેન દ્વારા પતિ રાજેશભાઈ ડાંગી જે ગોધરા પોલીસ હેડ ક્વાર્ટરમાં પોલીસ હોઈ તેઓને બોલાવી કારમાં મહિલાને બેસાડી ગોધરા સારા ડોક્ટર હોવાનુ જણાવી ગોધરા પોલીસ હેડક્વાર્ટર ખાતે લઈ રાજેશે મહિલા સાથે જબરદસ્તી કરતા નીલમબેનને બોલાવ્યા હતા. પણ નિલમબેને પતિનો સાથ આપતા જણાવતા હતા કે તુ શાંત રહે અને મારા પતિને વશ થઈ જા. આપણે બંને બહેનોની જેમ રહીશુ. જેથી મહિલા આ બધુ સાંભળી હેબતાઈ ગઈ હતી. આરોપી રાજેશે મહિલાને ધમકાવતા તારે જેને પણ ફોન કરી બોલાવવા હોય બોલાવશે. મારા પર તો ઘણા કેસ છે મારે મોટા અધિકારીઓ સાથે ઓળખાણ છે મારૂ કાંઈ જ બગડવાનુ નથી. જેથી મહિલા દ્વારા આ મામે ગોધરા શહેર એ-ડીવીઝન પોલીસ મથકે પતિ-પત્નિ વિરુદ્ધ પોલીસ ફરિયાદ નોંધાવી છે.

# મોરબીમાં સરકારી ચોપડે ૧૫ પણ ફાયર વિભાગ દ્વારા ૨૨૮ના અંતિમ સંસ્કાર

મોરબી,

મોરબીમાં કોરોનાએ હાહાકાર મચાવી દીધો છે. અનેક લોકો કોરોનાનાં લીધે મોતને ભેટી રહ્યા છે. તમામ સરકારી વ્યવસ્થાઓ અધુરી સાબિત થઈ રહી છે. ત્યારે મોરબી શહેરના સ્મશાનો પણ સતત ધમધમતાં જોવા મળી રહ્યા છે. મોરબી ફાયર વિભાગના જવાનો ૨૪ કલાક મૃતદેહોને અંતિમ મંજિલ સુધી પહોંચાડી રહ્યા છે. આરોગ્ય વિભાગના આંકડાઓ મુજબ ખુબ ઓછા મોત દેખાડવામાં આવી રહ્યા છે. પરંતુ હકીકતમાં મોતનો આંકડો હચમચાવી મુકે એવો છે. છેલ્લા ૧૫ દિવસમાં આરોગ્ય તંત્રના આંકડા મુજબ ૫૦થી પણ ઓછા મોત થયા છે. જ્યારે ફાયર સ્ટાફ દ્વારા ૧૫ દિવસમાં જ ૨૨૮ મૃતદેહોના કોવિડ ગાઈડલાઈન મુજબ અંતિમ સંસ્કાર કરવામાં આવ્યા છે. આ તો ફક્ત મોરબી શહેરની સ્થિતિ છે. ગામડાઓમાં તો મોત થાય છે અને ગામના જ સ્મશાનમાં અંતિમ સંસ્કાર કરવામાં આવી રહ્યા છે એ આંકડા તો ક્યાંક નોંધાતા જ નથી. સ્મશાનમાં કામ કરતાં વ્યક્તિ અને ફાયર સ્ટાફ સાથે સંદેશ ન્યુઝે વાત કરી ત્યારે સાચી સ્થિતિ સામે આવી રહી છે. બાકી સરકારી તંત્ર કયાંક ને ક્યાંક ખોટા આંકડાઓની માયાજાળ રચીને જનતા ને હજી પણ ગુમરાહ કરતું દેખાઈ રહ્યું છે.

# કોઠંબા CHC સેન્ટરનો સ્ટાફ કોરોના સંક્રમિત થતાં દર્દીઓને હાલાકી

ખારોલ,

લુણાવાડા તાલુકાના કોઠંબા ગામે આવેલ સીએચસીમાં મોટાભાગના સ્ટાફ કોરોના સંક્રમિત થતા દવા સારવાર માટે આવતી જનતાને પણ પારાવાર હાલાકી વેઠવાનો વારો આવ્યો છે. નવીન સીએચસીનુ કામ ચાલુ હોવાથી હાલમાં સીએચસી સેન્ટરને પાનમ કોલોની ખાતે ટ્રાન્સફર કરવામાં આવેલ છે. હાલમાં કોરોના વાયરસની મહામારીમાં છેલ્લા ૩ દિવસથી સીએચસી સેન્ટર માત્ર દર્દીઓની નોંધણી જ કરવામાં આવે છે. જયારે દવા સારવાર લેવા માટે દર્દીઓને નજીકમાં આવેલ હાથીવાન પીએચસી સેન્ટર ખાતે જઈ પોતાના રિપોર્ટ કરાવે છે. દવા સારવાર કરાવી રહ્યા છે. સીએચસી સ્ટાફના જણાવ્યા અનુસાર સ્ટાફમાં મોટાભાગને કોરોના સંક્રમિત થયેલા છે તે માટે દવા સારવાર કરાતી નથી. જો આવી પરિસ્થિતિ હોય તો તમામ સ્ટાફને ૧૪ દિવસ સુધી કોરેન્ટાઈન કરીને આખા સીએચસી સેન્ટરને સેનેટાઈઝર કરીને નવીન સ્ટાફ મુકીને આવી કોરોનાની મહામારીમાં દર્દીઓને સારવાર મળી રહે તે માટે કાર્યરત કરવુ જોઈએ. દર્દીઓની સારવાર માટે યોગ્ય કાર્યવાહી કરીને કોઠંબા સીએચસીને કાર્યરત કરાવે તેવી ઉગ્ર માંગ છે.

# આજનું પંચાંગ

વિક્રમ સંવત-૨૦૭૭, શાલિવાહન શક-૧૯૪૨,વીર સંવત-૨૫૪૭, ઈસ્લામીક સંવત-૧૪૪૨, તા. ૨૮-૦૪-૨૦૨૧, બુધવાર, ચૈત્ર વદ-૨, સૂર્યોદય-૬-૦૯, સૂર્યાસ્ત-૭-૦૩, જૈન નવકારશી-૮-૧૬, આજની રાશિ : તુલા(ર.ત.) , નક્ષત્રઃ વિશાખા

સૂર્ય-કુંભ
ચંદ્ર-કર્ક
મંગળ-ધન
બુધ-કુંભ
ગુરૂ-ધન
શુક્ર-મેષ
શનિ-મકર
રાહુ-મિથુન
કેતુ-ધન
હર્ષલ-મેષ
નેપ્ચ્યુન-કુંભ
પ્લુટો-મકર

-શુભ ચોઘડીયા-
અભિજીત ૧૩-૩૯થી ૧૩-૨૪, ૮-૪૬ થી શુભ ૧૦-૧૧ સુધી, ૧૩-૦૧ થી ચલ-લાભ-અમૃત, ૧૭-૧૬ સુધી, ૧૮-૪૨ થી લાભ-૨૦-૧૬ સુધી, ૨૧-૫૧ થી શુભ-અમૃત-૨૫-૦૧ સુધી

- શુભ હોરા-
૮-૧૮ થી ૯-૧૪ સુધી, ૧૧-૦૮થી ૧૩-૫૮ સુધી, ૧૪-૫૫થી ૧૩-૫૧ સુધી ૧૭-૪૫થી ૨૦-૪૮ સુધી

# દૈનિક રાશીફળ

**તા.૨૯.૦૪.૨૦૨૧ ગુરુવાર**

મેષ : આર્થિક ઉન્નતિ થશે. નોકરીમાં સ્થાનાંતરણનો યોગ બનશે. મુશ્કેલીઓ દૂર થશે. લાભદાયક સમાચાર મળશે. આરોગ્યનું ધ્યાન રાખવું.

વૃષભ : સંતોષપ્રદ વાતાવરણ રહેશે. કાર્ય સ્થિતિઓ અનુકૂળ રહેવાની સંભવના છે. વિચારેલું કાર્ય સમય પર થશે. વિશેષ સહયોગ, માર્ગદર્શન મળશે.

મિથુન : નવા સંબંધ બનશે. સત્સંગ થશે. માનસિક શાંતિ જાળવી રાખવી. ઘરમાં મહેમાન આવશે. વ્યાપાર-વ્યવસાય મધ્યમ રહેશે. યાત્રા થઈ શકે છે.

કર્ક : ધૈર્યથી વ્યાપારિક કાર્યોને પૂર્ણ કરો. નવા કાર્યોથી દૂર રહો. ધાર્મિક યાત્રાનો યોગ, વ્યાપારમાં ભાગ્યવર્ધક સફળતા પ્રાપ્તિનો યોગ. વિવાદ, કોર્ટ-કચેરીના મુદ્દે સાવચેત રહેવું,

સિંહ : તમારી ઈચ્છાઓ તેમજ મહત્વકાંક્ષા પૂર્ણ થશે. મૂડી રોકાણમાં લાભ થવાની સંભાવના છે. તમારો આત્મવિશ્વાસ વધશે. વાહન ખરીદવાની સંભાવના છે.

કન્યા : વિશિષ્ટ ખાનપાન પણ થશે. સંચિત ધન વૃદ્ધિનો યોગ. ભાગ્યવર્ધક યાત્રાઓનો વિશેષ યોગ. ધાર્મિક ક્ષેત્રમાં વિશેષ યાત્રાનો યોગ. વાહન ખરીદવાની સંભાવના છે.

તુલા : આવકનાં સ્ત્રોતોમાં ભાગ્યવર્ધક વૃદ્ધિ થવાનો યોગ. રોગ, કર્જ સંબંધી કાર્યોમાં લાભ વિશેષ, ધાર્મિક મહત્વનાં કાર્યોમાં સમય પસાર થશે. ગુસ્સા પર સંયમ રાખવો.

વૃશ્ચિક : જીવનસાથી અને ભાગીદારોથી વિશેષ લાભ પ્રાપ્તિનો યોગ. વેપાર, કુટુંબમાં શુભકાર્યો, કર્મક્ષેત્રમાં વિશેષ ભાગીદારી સંબંધી વિવાદનો યોગ.

ધન : તમારી વ્યવહારકુશળતાથી વેપારમાં સફળતા પ્રાપ્ત કરી શકશો. સ્થાયી સંપત્તિ મળવાનો યોગ છે. ગ્રાહકોથી મધુર સંબંધ બનશે. વિવાદ,

મકર : જ્ઞાન-શિક્ષા, સંશોધન વગેરે પર વિશેષ વ્યયનો યોગ. કર્મક્ષેત્રમાં સફળતા પ્રાપ્તિનો યોગ, સન્માન અને ઉપલબ્ધિ પ્રાપ્તિનો યોગ.

કુંભ : સામાજિક કાર્યોમાં સન્માન પ્રાપ્ત થશે. નોકરીમાં સ્થિતિ મજબૂત રહેશે. ઉદાર મન અને ક્ષમાવાન વ્યવહારથી લાભ થશે. વેપાર સારો ચાલશે. સફળ યાત્રાનો યોગ છે.

મીન : મહત્વકાંક્ષા અનુસાર કાર્ય પૂરા થવાનો યોગ છે. કુટુંબમાં સારું વાતાવરણ મનને પ્રસન્નતા આપશે. વિરોધી હેરાન કરી શકે છે. રોગ, ઋણ, શત્રુ, સંબંધી વિવાદોથી બચવું.

દાહોદ આવૃત્તિ
દાહોદ, ગરબાડા, ઝાલોદ, ફતેપુરા, લીમખેડા, દે.બારીયા, ધાનપુર
પંચમહાલ સમાચાર

# દાહોદ જીલ્લામાં આજે ૧૧૦ કોરોના પોઝીટીવ નોંધાયા



દાહોદ,

દાહોદ જિલ્લામાં આજે વધુ ૧૧૦ કોરોના પોઝીટીવ કેસ નોંધાયાં છે. આજે વધુ ૦૬ દર્દીઓએ કોરોનાથી જીવ ગુમાવતાં કુલ મૃત્યુઆંક ૨૨૪ ને પાર થઈ ચુકી છે. ત્યારે બીજી તરફ રાહતના સમાચાર એ છે કે, આજે એક સાથે ૮૪ લોકો કોરોનાથી સાજા થતાં તેઓને હોસ્પિટલમાંથી રજા આપવામાં આવી હતી.

આર.ટી.પી.સી.આર.ના ૧૧૧૭ પૈકી ૭૭ અને રેપીટ ટેસ્ટના ૧૭૮૧ પૈકી ૩૩ મળી આજે ૧૧૦ કોરોના પોઝીટીવ કેસો નોંધાયાં છે. આ ૧૧૦ પૈકી દાહોદ અર્બનમાંથી સૌથી વધુ ૨૫ કેસો નોંધાયાં છે. ત્યારે દાહોદ ગ્રામ્યમાંથી ૨૨, ઝાલોદ અર્બનમાંથી ૦૮, ઝાલોદ ગ્રામ્યમાંથી ૦૫, દેવગઢ બારીઆ અર્બનમાંથી ૦૫, દેવગઢ બારીઆ ગ્રામ્યમાંથી ૦૫, લીમખેડામાંથી ૦૩, સીંગવડમાંથી ૦૨, ગરબાડામાંથી ૦૬, ધાનપુરમાંથી ૦૪, ફતેપુરામાંથી ૦૭ અને સંજેલીમાંથી ૦૩ કેસો નોંધાયાં છે. વધતાં કેસોની સામે એક્ટીવ કેસોની સંખ્યામાં પણ ઘરખમ વધારો જોવા મળી રહ્યો છે. એક્ટીવ કેસોની સંખ્યા વધીને ૮૧૬ને પાર થઈ ચુંકી છે. રાહતાના સમચાર એ છે કે, દરરોજ સાજા થતાં દર્દીઓની સંખ્યામાં પણ વધારો જોવા મળી રહ્યો છે. આજે ૮૪ લોકોએ કોરોના સામે જંગ જીતી હોસ્પિટલમાંથી રજા લીધી હતી. દાહોદ જિલ્લામાં અત્યાર સુધી કોરોનાનો કુલ આંકડો ૪૯૦૩ને પાર થઈ ચુંક્યો છે.

| દાહોદમાં કોરોનાના કેસની સંખ્યા |
|---|
| **: અર્બન વિસ્તારો :** |
| દાહોદ-૨૫ |
| ઝાલોદ-૦૮ |
| દે.બારીઆ-૦૫ |
| **: ગ્રામ્ય વિસ્તારોમાં :** |
| દાહોદ-૨૨ |
| ઝાલોદ-૦૫ |
| દે.બારીયા-૦૫ |
| લીમખેડા-૦૩ |
| સીંગવડ-૦૨ |
| ગરબાડા-૦૬ |
| ધાનપુર-૦૪ |
| ફતેપુરા-૦૭ |
| સંજેલી-૦૩ |

# દાહોદ બસ સ્ટેશન વિસ્તારમાં દુકાનદારોએ દુકાનો ચાલુ રાખતાં સીલ

દહોદ,

દાહોદ શહેર સહિત જિલ્લામાં કોરોના અંતિમ ચરમસીમાએ પહોંચ્યો છે. ત્યારે દાહોદ શહેરમાં સ્વૈચ્છિક lockdownની જાહેરાત કરવામાં આવ્યા બાદ પણ દાહોદ શહેરના કેટલાક બિનજરૂરી વેપારીઓ પોતાના રોજગાર ધંધો ચાલુ રાખતા હોવાનું નજરે પડતા છેલ્લા બે – ત્રણ દિવસથી દાહોદ પાલિકા તંત્ર તેમજ પોલીસ તંત્ર દ્વારા આવા વેપારીઓ સામે લાલ આંખ કરી દુકાનો સીલ મારવાની કામગીરી કરી રહી છે. ત્યારે આજે દાહોદ શહેરના બસસ્ટેન્ડ વિસ્તાર ખાતે કેટલાક દુકાનદારોએ પોતાની દુકાન ખુલ્લી રાખતાં અને ઘણી દુકાનોમાં ભીડભાડ જોવાતા કોરોના guide-line નો ભંગ થતા પાલિકા તંત્રે પોલીસ તંત્રને સાથે રાખી કેટલીક દુકાને સીલ કરી દીધી હતી. ત્યારે દુકાનો સીલ કરતા વેપારીઓ અને નગરપાલિકા તેમજ પોલીસ તંત્ર વચ્ચે રકઝક અને તું તું મેં મેં નો માહોલ પણ સર્જાયો હતો. જેને પગલે પોલીસે ૨ જેટલા વેપારીઓની અટકાયત કરવામાં આવી હોવાનું પણ જાણવા મળે છે.

જિલ્લામાં કોરોના સંક્રમણના કેશો દિન – પ્રતિદિન વધી રહ્યા છે. તેની સાથે સાથે મૃત્યુઆંક પણ વધી રહ્યો છે. જે ચિંતાની બાબત છે. આવી ગંભીર પરિસ્થિતિને અનુલક્ષીને દાહોદ જિલ્લા વહીવટી તંત્ર દ્વારા દાહોદ શહેર સહિત જિલ્લામાં સ્વેચ્છિક લોક ડાઉનલોડ જાહેરાત પણ કરવામાં આવી છે અને જેમાં માત્ર જીવન જરૂરિયાતની ચીજવસ્તુઓનેજ નિર્ધારિત સમય માટે દુકાન ખુલ્લી રાખવા માટે આદેશ આપ્યો છે. જેમાં મેડિકલ સ્ટોર્સ અને કરિયાણાની દુકાન માત્રને સવારે ૮ થી બપોરે ૧ વાગ્યા સુધી ચાલુ રાખવાનો નિર્ણય કરવામાં આવ્યો છે. ત્યારે છેલ્લા બે – ત્રણ દિવસથી દાહોદ શહેરમાં બિનજરૂરી દુકાનદારો દ્વારા પોતાના રોજગાર ધંધા ખુલ્લા રાખતા પાલિકા તંત્ર પોલીસ તંત્ર અને વહીવટી તંત્ર એક્શનમાં આવ્યું છે. તેની સાથે સાથે કામ વગર ફરતા લોકો સામે પણ પોલીસે લાલ આંખ કરી છે. આજરોજ દાહોદ શહેરના બસ સ્ટેન્ડ ખાતે આવેલ કેટલાક દુકાનના વેપારીઓની દુકાને ભારે ભીડ જામતા અને કેટલીક બિનજરૂરી દુકાનદારોએ પોતાની દુકાનો ખુલ્લી રાખતાં પાલિકા તંત્રની ટીમ પોલીસ કાફલા સાથે આ બસ સ્ટેશન વિસ્તારમાં ધામા નાખ્યા હતા. જયાં પ્રથમ તો વેપારીઓને સમજાવ્યા હતા, પરંતુ કેટલાક વેપારીઓએ દુકાન બંધ કરવા માટે ટસના મસ થયા ન હતા અને પાલિકા તંત્ર અને પોલીસ તંત્ર સાથે અભદ્ર વર્તન કર્યું હતું. જેના પગલે એક્શનમાં આવેલ પોલીસ તંત્રે બે જેટલા દુકાનદારોની અટકાયત પણ કરી છે અને બે થી વધુ દુકાનોને સીલ પણ કરી દેવામાં આવી છે. તેની સાથે સાથે કામ વગર ઘરની બહાર નીકળતા લોકો સામે પણ અને માત્ર વગર ફરતા લોકોને પણ સ્થળ પર જ દંડ ફટકારી કાર્યવાહી કરવામાં આવી હતી. તે ઉપરાંત મેડિકલ અને કરિયાણાની દુકાનોમાં ભીડભાડ થતા તેઓની સામે પણ કાર્યવાહી હાથ ધરી હતી. આની સાથે સાથે પાલિકા તંત્ર અને પોલીસ તંત્ર દ્વારા હજુ પણ લોકોને કામ પર ઘરની બહાર ન નીકળવા તેમજ સ્વૈચ્છિક લોક ડાઉનલોડ પાલન કરવા નમ્ર કરી રહી છે. ત્યારે શહેર સહિત જિલ્લા વાસીઓ પણ lockdownનું પાલન કરી આવી કોરોના વૈશ્વિક મહામારીમાં તંત્રને સાથ અને સહકાર આપે તે આજના સમયની માંગ છે.

# દાહોદ જિલ્લાના ૧૦ ગામોના વેપારીઓ-દુકાનદારો-ફેરિયાઓએ દર ૧૦ દિવસે ટેસ્ટ ફરજીયાત કરાવવા કલેક્ટરનો આદેશ



દાહોદ,

દાહોદ જિલ્લામાં ગ્રામ્ય વિસ્તારોમાં પણ કોરોનાના કેસો મોટી સંખ્યામાં નોંધાતા હોય કલેક્ટર વિજય ખરાડીએ ૧૦ ગામોના વેપારીઓ–દુકાનદારો–ફેરીયાઓ અને તેમને ત્યાં કામ કરનારા શ્રમિકોને પણ દર ૧૦ દિવસે રેપીડ/આરટીપીસીઆર ટેસ્ટ ફરજીયાત કરાવવાનો રહેશે તેવો એક જાહેરનામા દ્વારા આદેશ કર્યો છે. આ ગામોમાં લીમડી ગામ, સુખસર, સંજેલી, સીંગવડ, પીપલોદ, લીમખેડા, પાલ્લી, ધાનપુર, ગરબાડા, જેસાવાડા ગામનો સમાવેશ થાય છે. અહીંના તમામ દુકાનદારો, ફેરીયાઓ, લારીગલ્લાવાળા, શાકભાજી માર્કેટ કે અન્ય રીટેલ બિઝનેશ કરનારા તમામ વેપારીઓ અને તેમને ત્યાં કામ કરનારા શ્રમિકોએ દર ૧૦ દિવસે રેપીડ–આરટીપીસીઆર ટેસ્ટ ફરજીયાત કરવાનો રહેશે.

જાહેરનામા મુજબ દરેક વેપારીએ અને તેમને ત્યાં કામ કરનારા શ્રમિકનો ટેસ્ટ કરાવી, નેગેટિવ ટેસ્ટીંગ સહિતનું કોરોના ટેસ્ટીંગ કાર્ડ સાથે રાખવાનું રહેશે. પોઝિટિવ આવનાર વેપારી કે શ્રમિક વેપાર–ધંધાના સ્થળે બેસી શકશે નહી. ઉપરાંત પોતાની દુકાન સેનેટાઈઝ કરવાની રહેશે. ધંધાના સ્થળે જે વ્યક્તિ કોરોના નેગેટિવ હોય તેઓ જ બેસીને વેપાર કરી શકશે.

વેપારના સ્થળે દરેક વેપારી તેમજ શ્રમિકે માસ્ક ફરજીયાત પહેરવાનું રહેશે અને ગ્રાહક સાથે સામાજિક અંતર જાળવીને વેપાર કરવાનો રહેશે. તાલુકા વિકાસ અધિકારી અને તેઓના નિયુક્ત કરેલા પ્રતિનિધિ અને પોલીસ અધિકારીને વેપારીના કોરોના નેગેટિવ રિપોર્ટની ચકાસણી કરવા માટે અધિકૃત કરવામાં આવ્યા છે. આ ઉપરાંત કોવીડ સંબધિત જાહેરનામાં અને અન્ય માર્ગદર્શક સૂચનાઓનું પણ દરેક વેપારીએ ચુસ્ત પાલન કરવાનું રહેશે. આ જાહેરનામું ઉક્ત જણાવેલા ગામોમાં તા. ૨૮ એપ્રીલથી આગામી તા. ૩૧ મે સુધી અમલમાં રહેશે. જાહેરનામાનો ભંગ કરનાર સામે ભારતીય ફોજદારી અધિનિયમ, નેશનલ ડિઝાસ્ટર મેનેજમેન્ટ એક્ટ અને ધ ગુજરાત એપેડેમિક એક્ટની વિવિધ જોગવાઈ અનુસાર કાનુની કાર્યવાહી કરવામાં આવશે.

# લીમખેડામાં રેપિડ ટેસ્ટ સેન્ટર ખાતે ટેસ્ટીંગ કીટ ખુટી પડતા ટેસ્ટ માટે આવતાં લોકોને હાલાકી

દાહોદ,

લીમખેડા નગરમાં બસ સ્ટેન્ડ વિસ્તાર ખાતે આવેલ આરોગ્ય તંત્રના રેપિડ ટેસ્ટ સેન્ટર ખાતે ટેસ્ટિંગ કીટો ખુટી જતાં ટેસ્ટ માટે આવતા લોકોને ભારે હાલાકીનો સામનો કરવો પડી રહ્યો છે અને ભારે હેરાન પરેશાન પણ થઈ રહ્યા હોવાનું જાણવા મળી રહ્યું છે. ત્યારે આ ટેસ્ટિંગ બુથ ઉપર વહેલામાં વહેલી તકે ટેસ્ટિંગ કીટ ફાળવવામાં આવે તેવી લાગણી અને માગણી ઉઠવા પામી છે.

દાહોદ જિલ્લાના લીમખેડા તાલુકામાં પણ કોરોના સંક્રમણ પ્રતિદિન વધી રહ્યું છે. સરકારી પીએચસી સેન્ટર સહિત સરકારી દવાખાના તેમજ ટેસ્ટિંગ બુથ ખાતે મોટી સંખ્યામાં લોકો કોરોના ટેસ્ટ કરાવવા ઉમટી રહ્યા છે. ત્યારે લીમખેડા નગરમાં બસ સ્ટેશનની સામે આવેલ રેપિડ ટેસ્ટ સેન્ટર ખાતે ગઈકાલથી રેપિડ ટેસ્ટ કીટ ખુટી જતા લોકોને રઝળવાનો વારો આવી રહ્યો છે. એક ટેસ્ટ કરાવવામાં આવેલ મહિલાના જણાવ્યા અનુસાર, છેલ્લા બે – ત્રણ દિવસથી તેઓ ધરમના ધક્કા ખાઈ રહ્યા છે પરંતુ ટેસ્ટ કીટ ખુટી જવાના કારણે આજદીન સુધી તેઓને રિપોર્ટ મળ્યો નથી અને તેઓના પતિ પણ કોરોના પોઝિટિવ હોય પોતાનો રિપોર્ટ કરાવવો આવશ્યક જણાતા તેઓ છેલ્લા બે – ત્રણ દિવસથી લીમખેડાના ટેસ્ટિંગ બુથ ખાતે ધરમના ધક્કા ખાઈ રહયા છે. આ બાબતે ટેસ્ટિંગ બૂથ પર હાજર આરોગ્ય મહિલા કર્મચારીને જણાવ્યા અનુસાર, ગઈકાલથી રેપિડ ટેસ્ટ કીટ ખૂટી ગઈ છે. આજે જે કીટ આવી તે ૯૫ છે. કીટ આવી જાય તો વહેલામાં વહેલી તકે કામગીરી શરૂ કરવામાં આવશે, તેમ ઉપસ્થિત આરોગ્ય મહિલા કર્મચારી દ્વારા જણાવાયું છે. ત્યારે બીજી તરફ પરિસ્થિતિની ગંભીરતાને ધ્યાનમાં રાખી લાગતું વળગતું તંત્ર આ લીમખેડાના રેપિડ ટેસ્ટ બુથ ઉપર તાત્કાલિક ટેસ્ટીંગ કીટ ફાળવવામાં આપવામાં આવે તેવી સ્થાનિકો સહીત દર્દીઓમાં લાગણી અને માગણી ઉઠવા પામી છે.

# દેશના કોવીડ વેક્સિન અભિયાનમાં યુવાનોને જોડાવાની હાકલ કરતા લખનભાઈ રાજગોર



દાહોદ,

દેશમાં અત્યારે કોવીડ રસીકરણ મહાઅભિયાન ચાલી રહ્યું છે અને આગામી તા. ૧લી મેથી ૧૮ વર્ષના તમામ વ્યકિતઓ વેક્સિન લઈ શકશે. આ માટેનું રજીસ્ટ્રેશન પણ તા. ૨૮ એપ્રીલથી શરૂ થઈ ગયું છે. સૌ યુવાનો દેશના વેક્સિનેશન અભિયાનનો ભાગ બને અને તેમા સહકાર આપે જેથી આપણે જલ્દીથી દેશને કોરોનાથી મુકત કરી શકીએ. દાહોદ નગરપાલિકાના કારોબારી અધ્યક્ષ લખન રાજગોર પણ કંઈક આવી જ વાત કહે છે. તેમણે પણ વેક્સિનના બંને ડોઝ લીધા છે અને યુવાનોને સરકારના અભિયાનમાં સહકાર આપવા અપીલ કરે છે. તેઓ જણાવે છે કે, મેં કોરોના વેક્સિનના બંને ડોઝ લીધા છે. આ વેક્સિનની કોઈ આડઅસર નથી. કોરોના મહામારીમાં સંક્રમણથી બચવા માટે ૪૫ કે તેથી વધુ વયના તમામ નાગરિકોને આ વેક્સિન અપાઈ રહી છે અને આગામી તા. ૧ મેથી ૧૮ વર્ષથી ઉપરના તમામ યુવાઓને પણ રસી આપવામાં આવશે. આ બાબતે ચાલી રહેલી કોઈ પણ અફવાઓથી ગેરમાર્ગે દોરાવું નહીં અને સત્વરે રસી લઈ લેવી. સરકારના કોવીડ રસીકરણ અભિયાનમાં સૌ નાગરિકોએ સહયોગ આપવો જોઈએ. આ ઉપરાંત રસી લીધા બાદ પણ કોરોનાની સાવેચેતીઓનું પાલન કરવાનું છે. ઘર બહાર નીક્ળીએ ત્યારે માસ્ક ફરજીયાત પહેરવું, સામાજિક અંતર જાળવવું અને સેનિટાઈઝર–સાબુનો વારંવાર ઉપયોગ આપણને કોરોનાથી બચાવીને રાખશે. ખાસ તો કોરોના સંક્રમણ ખૂબ વધી ગયુંછે. ત્યારે ઘરે જ રહીએ અને સુરક્ષિત રહીએ.

# સિંગવડ તાલુકામાં રણધીકપુર પોલીસ સ્ટેશનમાં ઈન્સ્પેકશન કરવા આવેલા પોલીસ ASI નું મોત

રણધીકપુર,

રણધીકપુર તાલુકા પોલીસ સ્ટેશનમાં ફરજ બજાવતા અને હાલમાં લીમખેડા ડીવાયએસપી ઓફિસમા ડેપ્યુટેશમાં કામ કરતાં એ.એસ.આઈ વિક્રમસિંહ બળવંતસિંહ બારીયા રણધીકપુર પોલીસ સ્ટેશનમાં ઈન્સ્પેકશન માટે આવ્યા હતા. ત્યાં તેમને ઈન્સ્પેકશન કરીને નીકળ્યાપછી રસ્તામાં જતાં ઓચિંતા ચક્કર જેવું લાગતા ત્યાંથી પાછા ફરીને પ્રાઈવેટ દવાખાનામાં તપાસ કરાવતા તેમનું ઓક્સિજન લેવલ નીચે જતા તેમને તાત્કાલિક સીંગવડ ભવભ ખાતે તપાસ કરતા હતા. તેમાં તેમનો કોરોના રિપોર્ટ પણ કરાવ્યો હતો એ પોઝિટીવ આવ્યો હતો. ત્યાર પછી સીએસસી દવાખાનામાં તપાસ કરતાં તેમનું મૃત્યુ થયું હતું જ્યારે આવા સમાચાર રંધીપુર પોલીસ સ્ટેશનમાં સાંભળતા પોલીસ બેડામાં એક સોકની લાગણી છવાઈ ગઈ હતી. ત્યાર પછી તેમના ઘરના લોકોને જાણ કરાતા તેમના પત્ની અને તેમના પરિવારના લોકો આવી પહોંચ્યા હતા. જ્યારે તેમની પત્નીને પણ કોરોનાનો રિપોર્ટ કરતા તેવી પણ પોઝિટિવ આવ્યા હતા. જ્યારે લીમખેડા ડીવાયએસપી કાનન દેસાઈ પણ સિંગવડ આવી પહોંચ્યા હતા. જ્યારે મૃત્યુ પામેલા એ.એસ.આઈ વિક્રમસિંહ તેમના વતન લઈ જવા માટે એમ્બ્યુલન્સ ના સિંગવડ સી.એચ.સી.માં નહીં હોવાથી તે બારીયા દવાખાનામાંથી મંગાવવામાં આવી હતી. જેના લીધે તેમને ડેડ બોડી લઈ જવામાં લેટ થવા પામ્યા હતા. જો આ જગ્યા સીંગવડ સીએચસીમાં એમ્બ્યુલન્સ હોત તો આ મૃત્યુ પામેલા પોલીસ વિક્રમસિંહ ની ડેડબોડીને ફટાફટ લઈ જવાતો અને તેની અંતિમ ક્રિયા ઉતાવળથી થઈ શકતી પરંતુ આરોગ્ય વિભાગ દ્વારા સીંગવડ ના સી.એચ.સી માં નવી એમ્બ્યુલન્સ ફાળવવામાં કેમ નથી આવતી તે એક ચર્ચાનો વિષય બનવા પામી છે.

# ઝકાત વાજીબ હોવાના મુખ્ય દશ નિયમો

પૂરા એક વર્ષ પછી પોતાની પાસ રહેલું સોનું–ચાંદી, રોકડ રકમ તથા જીવન વપરાશમાં ન આવતી ધંધાકીય માલ મિલ્કતના ૪૦માં ભાગની બરાબર રોકડ રકમ અથવા માલને અલ્લાહને ખાતીર ગરીબ મુસલમાન ફરીકને તેના માલિક બનાવી દેવાને જકાત કહેવામાં આવે છે. જકાતને માલનો મેલ પણ કહેવાય છે. વર્ષભરની કમાઈ માંથી અઢી ટકા જકાત કાઢતા બાકી રહેલ માલ ચોખ્ખો થઈ જાય છે. જકાત એ એક એવી આર્થિક નિયંત્રણ યોજના છે. જેને મોટામોટા અર્થશાસ્ત્રીઓ પણ દાદ આપે છે. જકાતનો મૂળભુત હેતુ એક જ છે કે સમાજમાં રહેતા ગરીબ મુસલમાનોને આર્થિક સહાય મળવાથી તેઓ સમાજમાં વ્યસ્થીત રીતે ટકરી શકે છે અને લૂંટ, ચોરી, જુગાર, સટ્ટા વગેરે અનિષ્ટોથી બચતા રહે છે. તેથી જ તો જકાત આપવામાં એ રીત ઉત્તમ લેખાય છે કે અનેક વ્યકિતને થોડી થોડી રકમ વહેંચવા કરતા એક વ્યકિતને મોટી રકમ આપી દેવી જોઈએ. જેથી તે વ્યકિતને મોટી રકમનો સદ્દઉપયોગ કરવાની એવી મોટી તક મળે કે ભવિષ્યમાં તે જકાતનો મોહતાજ ન રહે બલ્કે તે પોતે અત્ય ગરીબોને જકાત વગેરે આપી મદદરૂપ બની શકે.

૧. મુસલમાન હોવું કાફિર ઉપર જકાત વાજબી નથી.

૨. બાલીગ હોવું જકાત માત્ર પુખ્તવયની વ્યકિત ઉપર વાજીબ છે.

૩. સાકિલ હોવું : સામાન્ય બુધ્ધિહિન ધરાવનાર પર જકાત વાજબી નથી અને પાગલ ઉપર જકાત વાજબી નથી.

૪. આઝાદ હોવું : ગુલામ ઉપર જકાત વાજબી નથી.

૫. માલિકે નિસાબ હોવું : સાડા સાત તોલા સોનું અથવા સાડા બાવન તોલા ચાંદી અથવા તો સાડા સાત તોલા સોનાની કિંમત જેટલી રોકડ કે સાડા બાવન તોલા ચાંદીની કિંમત જેટલી રોકડ રકમ કે માલના માલિકને માલિકે નિશાળ કહેવામાં આવે છે અને તેના ઉપર જકાત ફર્જ છે. જો થોડું સોનું થોડી ચાંદી અને થોડી રોકડ રકમ હોય તો બજાર ભાવ પ્રમાણે સોના – ચાંદીની કિંમત કાઢી તેમાં રોકડ રકમ ઉમેરી ગણતરી કરવી જોઈએ અને જો કુલ રકમ સાડા સાત તોલાની કિંમત જેટલી અથવા તો સાડા બાવન તોલા ચાંદીની કિંમત જેટલી થઈ જતી હોય તો તે વ્યકિત માલિકે નિસાબ કહેવાશે.

૬. સંપૂર્ણ માલિક હોંવું : માલિકે નિસાબ માલનો સંપૂર્ણ રીતે પોતે માલિક હોવો જોઈએ તો જ જકાત વાજીબ છે. જો માલની ચોરી થઈ કે દીરયામાં ડુબી ગયો કે કોઈને અનામતરૂપે આપેલ તે વ્યકિત ભુલાઈ ગયો તો જ્યાં સુધી તે માલ પાછો ન મળે ત્યાં સુધી તેના ઉપર જકાત વાજબી નથી.

૭. નિસાબ ના માલનું કર્જથી મુકત હોવું : માલિક નિસાબ વાજીબ નથી કર્જ (દેવું) એટલું બધુ હોય કે ગણતરીમાં બાદ કરતા તે વ્યકિત માલિકે નિસાબ રહેતી ન હોય તો તેવા શખ્સ ઉપર જકાત વાજબી નથી. જો દેવું ઓછું હોય અને જકાત તેના ફર્જ છે. તે માલની કિંમત માંથી દેવાની રકમ બાદ કર્યા પછી પણ બાકી રહેતી રકમ જો નિસાબ પ્રમાણે થતી હોય તો તે બાકી રહેલ રકમ ઉપર જકાત વાજીબ છે.

૮. નિસાબનું હાજતે અસ્લિયહ થી મુકત હોવું : હાજતે અસ્લિયહ એટલે જીવન ઉપયોગી રોજીંદા વપરાશમાં આવતી વસ્તુઓ ઉપર જકાત વાજીબ નથી. દા.ત, રહેવા પુરતું મકાન શિયાળામાં કે ઉનાળામાં પહેરવા પડતા કપડા, ખાવાપીવા, રાંધવાના વાસણો ખાવાનું અનાજ, દુધ આપત જાનવર સવારી માટેના જાનવર કે મશીનો (સાયકલ, મોટર, સ્કુટર વગેરે) ખેતીવાડીના સાધનો (ટ્રેકટર, ટ્યુબવેલ વગેરે) હુન્નર અને ઉદ્યોગને લગતી મશીન સામગ્રી ઘરનું ફર્નિચર અભ્યાસના પુસ્તકો, ધાર્મિક પુસ્તકો વગેરે ઉપર જકાત વાજીબ નથી પછી ભલેને તેમની સંખ્યા ગમે તેટલી હોય.

૯. નિસાબનો માલ વૃધ્ધિ વેપારનો માલ તથા ચરતા જાનવરો કે જેમની સંખ્યા પણ વધી શકે છે. દરેક ઉપર ઝડપી વાજીબ છે.

૧૦. નિસાબ માલ પર એક વર્ષનું પસાર થવું નિસાબના માલ ઉપર ઈસ્લામી મહિનાના હિસાબે (અંગ્રેજી કે દેશી મહિનાના હિસાબેથી નહી.) પુરેપુરો એક વર્ષ પસાર થયેલું હોવું જોઈએ. દા.ત.કે રમઝાનના પહેલા ચાંદ કોઈ માનવી આર્થિક નિસાબ થયો તો આગામી વર્ષ રમઝાન પહેલા ચાંદ તેની ઉપર જકાત વાજી થશે ( બહવાલા તો ફસે રમઝાન શરીફ પાન–૧૪૪ થી ૧૪૭).

મો.હુસૈન મકરાણી, દે.બારીઆ

**તા.૨૯/૪/૨૧ ચાંદ-૧૬ માહે રમઝાન**
**ખત્મે શહેરી ૪:૩૯ સવારે.**
**વકતે ઈફતાર ૭:૦૪ સાંજનો સુર્યાસ્ત.**
**આ ટાઈમ પંચમહાલ તથા દાહોદ જીલ્લાના પુરતો છે.**

# દાહોદમાં કોરોના મહામારીના કપરાકાળમાં સેવાયજ્ઞોની સાવરણી થકી ૧૫૦૦ જેટલાં નિઃશુલ્ક ટિફિન વિતરણ કરી જઠરાગ્નિ ઠારતું શ્વેતાંબર જૈન સંઘ



તસ્વીર : વિનોદ પંચાલ, દાહોદ

દાહોદ,

દાહોદ શહેરમાં શ્વેતાંબર જૈન સંઘ દ્વારા કોવિડ દર્દીઓના પરિવારજનોને ફ્રીમાં જમવાની સુવિધા પુરી પાડવામાં આવી રહી છે.આ નિરંતર સેવામાં સંઘના તમામ કર્મચારીઓ નિઃસ્વાર્થ ભાવે દિવસ રાત કામ કરી રહ્યાં છે.સરકારી દવાખાનાથી લઈ આઈસોલેશનમાં રહેતા કોરોના દર્દીઓને ઘરે ઘરે જઈ નિઃશુલ્ક ટીફીન સુવિધા પુરી પાડવામાં આવી રહી છે. જાણવા મળ્યા અનુસાર, દરરોજ અસંખ્ય લોકોને આ ટીફીનની વ્યવસ્થા પુરી પાડવામાં આવી રહી છે. ગત વર્ષ કરતાં આ વર્ષે કોરોનાએ વિકરાળ રૂપ ધારણ કર્યું છે. ઘરે ઘરે કોરોનાના દર્દીઓનો રાફડો ફાટી રહ્યો છે.તેની સાથે સાથે હોસ્પિટલોમાં પણ અનેક દર્દીઓ સારવાર લઈ રહ્યાં છે. આવા સમયે સરકારી દવાખાનાથી લઈ ખાનગી હોસ્પિટલ તેમજ આઈસોલેશનમાં સારવાર લઈ રહ્યાં કોરોના દર્દીઓની પડખે આ વખતે દાહોદ શહેરના સ્વેતામ્બર જૈન સંઘ આવ્યું છે. હોસ્પિટલ સુધી તેમજ ઘર સુધી સવારે તેમજ સાંજે મળી કુલ ૧૫૦૦ જેટલાં ભોજનના ટીફીનની સુવિધા આ સંઘ દ્વારા પુરી પાડવામાં આવી રહી છે. દાહોદના દર્દીઓની સાથે સાથે મદયપ્રદેશ અને રાજસ્થાનથી આવતાં દર્દીઓને પણ આ ટીફીન સુવિધા પુરી પાડવામાં આવી રહી છે. આ કામગીરીમાં સંઘના તમામ કર્મચારીઓ એકજુથ થયાં છે. સવાર થી સાંજ સુધી નિરંતર આ કામગીરી કરવામાં આવી રહી છે. આ ભોજનમાં સવારે બે જાતનું શાક, દાળ, ભાત, રોટલી એક સ્વીટનો સમાવેશ થાય છે જ્યારે સાંજે ખીચડી, કઢી, પરાઠા, ઘી, અથાણું, એક શાકની વાનગીનો સમાવેશ થાય છે. જાણવા મળ્યા અનુસાર, ૧૫ થી વધારે ખાનગી હોસ્પિટલો અને સરકારી દવાખાનામાં કોરોના દર્દીઓને આ સુવિધા આપવામાં આવી રહી છે.આ ઉપરાંત ઘરમાં આઈસોલેશનમાં રહેતાં દર્દીઓને પણ સુવિધા પુરી પડાઈ રહી છે. વધુમાં જાણવા મળ્યા અનુસાર, એક ડીસ પાછળ અંદાજે ૯૦ રૂપીયાનો ખર્ચો થાય છે. હાલ તો આ કામ માટે સમાજના એક અગ્રણી દ્વારા પોતાના સ્વર્ગસ્થ પિતાની સ્મૃતિમાં તારીખ ૨૦મી એપ્રિલના રોજથી તારીખ ૩૦મી એપ્રિલના રોજ તમામ ખર્ચો સ્વંય ઉઠાવશે અને ત્યાર બાદ લોકો દ્વારા આપવામાં આવતું દાન અને વિગેરેના મારફતે સૌના સાથ અને સહકારથી આ કાર્ય નિરંતર ચાલુ રહેનાર હોવાનું પણ જાણવા મળી રહ્યું છે.

Published by Karan Ajaykumar Panchal for the owner Panchmahal Samachar From Bandibarno Khancho, Talav Road, Godhra & Printed by him at Panchmahal Press, Modini Vadi No-1, Station Road, Godhra-389 001 (Gujarat) Phone. 02672 - 243351 Website : www. panchmahalsamachar.com Editor : Karan Ajaykumar Panchal -Responsible for selection of news under PRB Act. Vol. 24, No. 209

પંચમહાલ આવૃત્તિ
ગોધરા, મોરવા(હ), શહેરા, કાલોલ, હાલોલ, જાંબુઘોડા, ઘોઘંબા

પંચમહાલ સમાચાર

## ગોધરામાં મીની લોકડાઉનની જાહેરાત થતાં જ

# કૃત્રિમ અછત ઊભી કરી ભાવમાં લૂંટ ચલાવતા પાન-પડીકી-બીડી-સીગારેટના વેપારીઓ

ગોધરા,

રાજયના મુખ્યમંત્રી દ્વારા રાજયના ૨૯ શહેરોમાં આજ થી ૫ મે સુધીનું મીની લોકડાઉન જાહેર કરવામ) આવ્યું છે. જેને લઈ ધંધાદારીઓમાં અસમંજસની સ્થિતી જોવા મળી હતી. મુખ્યમંત્રી દ્વારા જાહેરાતમાં યોગ્ય ખુલાસો કરવામાં આવ્યો ન હતો. જેને લઈ વહેલી સવારે ધંધા રોજગાર શરૂ કર્યા હતા. બાદમાં પોલીસ દ્વારા તમામ બજાર બંધ કરાવાનો નિર્ણય કરવામાં આવ્યો. જે તે વેપારીઓમાં છુપો રોષ જોવા મળ્યો હતો. પંચમમાલ જીલ્લાની



ગોધરા શહેરમાં પોલીસ દ્વારા જે ધંધા રોજગાર માટે પહેલા નિયત કરેલ બે વાગ્યા સુધીના સમયને ફરેબદલ કરીને માત્ર આવશ્ય ચીજ વસ્તુઓ સિવાયના ધંધા બંધ કરવામાં આવ્યા હતા. શહેરમાં પાન-ગલ્લા, હોટલ, નાસ્તાની લારીઓ દુકાનો બંધ કરવામાં આવી હતી. પાનના ગલ્લા બંધ કરવાના સરકારના નિર્ણયને લઈ હોલસેલના ધંધો કરતા પાન-પડીકી, સિગારેટને લઈ હોલસેલના ધંધો કરતા વેપારીઓની ચાંદી થઈ હોય તેવી સ્થિતી જોવા મળી હતી. હોલસેલના વેપારીઓ દ્વારા વિમલ, સિગારેટ સહિતના ભાવમાં ૨૫ થી ૩૦ રૂપીયાનો વધારો કરીને ઉઘાડી લુંટ ચલાવવામાં આવી હતી.

પંચમહાલ જીલ્લાના મુખ્ય મથક ગોધરા શહેરમાં કોરોના સંક્રમણના વધતા જતાં કેસને લઈ જીલ્લા વહીવટીતંત્ર અને વેપારીઓ સાથે મીટીંગ યોજીને સ્વૈચ્છિક લોકડાઉનનો નિર્ણય કરવામાં આવ્યો હતો. તે મુજબ ગોધરા શહેરના બજારો સવારે ૬ થી ૨ વાગ્યાના સમયે સ્વૈચ્છિક લોકડાઉન થઈ જતાં હતા. પરંતુ ગતરોજના રાજયના મુખ્યમંત્રી દ્વારા ૨૯ શહેરોમાં મીની લોકડાઉનની જાહેરાત કરવામાં આવી હતી અને ૨૯ શહેરોમાં આવશ્યક ચીજવસ્તુઓ સિવાયના ધંધા રોજગાર બંધ કરવાનો આદેશ કરવામાં આવ્યો હતો. મુખ્યમંત્રી દ્વારા અગાઉ થી સ્વૈચ્છિક લોકડાઉન કરેલ હોય તેવા શહેરોમાં આ નિર્ણય લાગુ પડશે કે નહિ તેનો ખુલાસો કરવામાં આવ્યો ન હતો. જેને લઈ વેપારીઓમાં અસંમંજસની સ્થિતી જોવા મળી હતી અને સવારે ધંધા રોજગાર શરૂ કરતાની સાથે પોલીસ દ્વારા નવા નિયમ મુજબ આવશ્યક સેવા સિવાયના ધંધાઓ બંધ કરવામાં આવ્યા હતા. ગોધરા શહેરમાં પોલીસ દ્વારા પાનના ગલ્લા, ચા-નાસ્તાની લારીઓ, દુકાનો, હેર સલુનના ધંધા બંધ કરવામાં આવ્યા હતા. ૫ મે સુધી મીની લોકડાઉનની જાહેરાતા બાદ તેની ચુસ્તપણે અમલવારી કરવામાં આવી છે. તેની સાથે ગોધરા શહેરમાં પાન-પડીકી, સિગારેટ-બીડીના હોલસેલનો ધંધો કરતાં વેપારીઓ દ્વારા તમામ વસ્તુઓ ઉપર ૨૫ થી ૩૦ રૂપીયા જેટલો વધારો કરીને કમાઈ લેવાની તક જતી કરવા માંગતા ન હોય તેવી સ્થિતી જોવા મળી છે.

ગોધરા શહેરમાં ગત વર્ષ કોરોના મહામારીમાં લોકડાઉન તમાકું-સિગારેટના બંધાણી હોય તેવા લોકોની તકનો લાભ લઈને પાન-પડીકી, તમાકુ, સીગારેટ, બીડીના હોલસેલનો ધંધો કરતા વેપારીઓએ ઉઘાડી લુંટ ચલાવી હતી. તેવા વેપારીઓ કોરોનાની બીજી લહેરમાં લોકડાઉન થાય તેવી કાગડોળે રાહ જોતા હતા. તેવા વેપારીઓ માટે આજથી રાજયના ૨૯ શહેરોમા લાગુ કરવામાં મીની લોકડાઉન સાથે ગોધરા શહેરમાં પાન-પડીકી-બીડી-સીગારેટનો ધંધો કરતા વેપારીઓ દ્વારા ૨૫ થી ૩૦ રૂપીયા જેવા પડીકી અને સિગારેટ ઉપર ભાવ વધારો કરી દેવામાં આવ્યો છે અને મીની લોકડાઉનમાં આવા તકસાધુઓ કમાઈ લેવાની એક તક પણ જતી કરવા માંગતા ન હોય તેવી સ્થિતી જોવા મળી છે.

## પંચમહાલ જીલ્લામાં આજરોજ ૧૨૦ કોરોના પોઝીટીવ કેસ નોંધાયા




ગોધરા,

પંચમહાલ જીલ્લામાં કોરોના સંક્રમણના કેસમાં રોકેટ ગતિથી વધારો થઈ રહ્યો છે. કોરોનાની બીજી લહેર જીલ્લા માટે ઘાતક બનીને લોકોના કોરોના સંક્રમણના ભરડામાં લઈ રહી છે. કોરોનાની બીજી લહેરમાં જીલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં ઝડપ થી કોરોના સંક્રમણના કેસ વધી રહ્યા છે. તે ચિંતાનો વિષય બન્યો છે. હાલમાં ગ્રામ્ય વિસ્તારમાં જે ગતિથી કોરોના સંક્રમણના કેસ વધી રહ્યા છે. જેને લઈ આવનાર સમયમાં આરોગ્ય સેવાઓ ખોરવાઈ જાય તેવી સ્થિતી નિર્માણ થાય તો નકારી શકાય નહિ. તંત્ર દ્વારા કોરોના સંક્રમણની ચેઈન તોડવા માટેના પ્રયાસો વચ્ચે કોરોના સંક્રમણના કેસ વધી રહ્યા છે. આજરોજ પંચમહાલ જીલ્લામાં ૧૨૦ પોઝીટીવ કેસ નોંધાવા પામ્યા છે. શહેર વિસ્તારમાં ૩૬ જયારે ગ્રામીણ વિસ્તારમાં ૮૪ પોઝીટીવ કે નવા નોંધાવા પામ્યા છે. જેની સામે આજરોજ કોવિડ હોસ્પિટલમાં સારવાર લેતાં ૪૦ દર્દીઓ સાજા થતાં રજા અપાઈ છે.

પંચમહાલ જીલ્લામાં કોરોનાની બીજી લહેર ઘાતક રીતે ભરડો લઈ રહી છે. પ્રતિદિન શહેરી વિસ્તાર સાથે ગ્રામ્ય વિસ્તારોમાં કોરોના સંક્રમણના કેસમાં રોકેટ ગતિથી વધારો થઈ રહ્યો છે. હાલમાં પંચમહાલના ગ્રામીણ વિસ્તારોમાં લગ્નસરાની મોસમ પુરબહારમાં ચાલી રહી છે. પરિણામે કોરોના સંક્રમણના કેસ ગ્રામીણ વિસ્તારમાં વધુ જોવા મળી રહ્યો છે. કોરોના મહામારીના બીજા સ્ટ્રેનમાં કોરોનાની ઘાતક અસર માનવ શરીર ઉપર જોવા મળી રહી છે. તેમાં પણ કોરોના સંક્રમિત થતાં દર્દીઓમાં ઓકસીજન લેવલ ઘટી જવાની સમસ્યા સામાન્ય જોવા મળી રહી છે. કોવિડ હોસ્પિટલમાં સારવાર માટે દાખલ થતાં મોટાભાગના દર્દીઓને ઓકસીજન સપોર્ટની જરૂરીયાત જોવા મળી રહી છે. તેની સાથે સરકારી કોવિડ હોસ્પિટલોમાં ઓકસીજન બેડ અને વેન્ટીલેટર બેડ મોટાભાગે ભરેલા જોવા મળે છે. નવા કોરોના સંક્રમિત અને ઓકસીજન બેડની જરૂરીયાતવાળા દર્દીઓને ઓકસીજન બેડની સુવિધા મળી રહી નથી. બીજી તરફ ખાનગી હોસ્પિટલમાં ઓકસીજન બેડની નહિવત બેડ હોવાને લઈ કોરોના સંક્રમિત દર્દીઓની સારવાર માટે સગાસંબંધીઓને આખરે હોસ્પિટલની બહાર વેટીંગમાં રાહ જોવા સિવાય બીજા કોઈ વિકલ્પ ન હોવાથી સ્થિતી નિર્માણ થઈ છે. ત્યારે આવા સંજોગોમાં લોકો કોરોના સંક્રમણ થી બચે તેવા પ્રયાસો કરવા સિવાય તંત્ર પાસે બીજા કોઈ વિકલ્પ પણ નથી. જેને લઈ રાજ્ય સરકાર અને સ્થાનિક તંત્ર દ્વારા આંશિક લોકડાઉન જાહેર કરીને સંક્રમણને ઘટાડવાના પ્રસાયો કરાઈ રહ્યા છે.

પંચમહમાલ જીલ્લામાં ગોધરા સહિત અનેક તાલુકાઓના નાના-મોટા મથકોમાં વહીવટી તંત્ર દ્વારા વેપારીઓ સાથે મીટીંગ યોજીને સ્વૈચ્છિક લોકડાઉન કરવા માટે નિર્ણય કરવામાં આવ્યો છે. તેમ છતાં કોરોના સંક્રમિત કેસમાં કોઈ નોંધપાત્ર ઘટાડો જોવા મળી રહ્યો નથી. રાજયની ૨૯ શહેરોમાં આજથી ૫ મે સુધી મીની લોકડાઉન જાહેર કરીને સંક્રમણને ઘટાડવાના પ્રયાસ કરવામાં આવ્યા છે. તેની વચ્ચે પણ આજરોજ પંચમહાલ જીલ્લામાં

### પંચમહાલમાં કોરોનાના કેસની સ્થિતિ

| |
|---|
| : શહેરી વિસ્તાર : |
| ગોધરા-૧૦ |
| હાલોલ - ૨૩ |
| કાલોલ - 03 |
| : ગ્રામ્ય વિસ્તાર : |
| ગોધરા - ૧૦ |
| હાલોલ - ૦૫ |
| કાલોલ - ૨૪ |
| મોરવા(હ) - ૦૫ |
| ઘોઘંબા - ૩૭ |
| શહેરા - ૦૧ |
| જાંબુઘોડા - ૦૨ |
| સક્રિય કેસ - ૯૧૫ |
| રજા અપાઈ - ૪૦ |
| મૃત્યુઆંક - ૦૦ |

૧૨૦ કોરોના પોઝીટીવ કેસ નવા નોંધાયા છે. તેની સામે હાલમાં કોરોના સારવાર લઈ રહેલા ૪૦ દર્દીઓ સાજા થતાં રજા અપાઈ છે. જીલ્લામાં ૯૧૫ સક્રિય દર્દીઓની સંખ્યા થવા પામી છે. જે ગતિથી જીલ્લામાં કોરોના સંક્રમિત દર્દીઓની સંખ્યા વધી રહી છે. તેમાં ઘટાડો આવે તો જીલ્લામાં કોવિડ હોસ્પિટલમાં લોકોને સારવાર માટે સુવિધા મળે તેમ છે. જો આજરીતે કેસમાં વધારો થાય તો આરોગ્ય સેવાઓ ઉપર ભારે અસર થશે. કોરોના સંક્રમણને જોતાં લોકો ઘરમાં રહે અને માસ્ક તેમજ સોશ્યલ ડિસ્ટન્સનું પાલન કરે તે એક શ્રેષ્ઠ ઉપાય છે.

## ગોધરા કરસાણા ગામના તલાટી ગ્રામ પંચાયતમાં હાજર ન રહેતાં ગ્રામજનોમાં રોષ

ગોધરા,

ગોધરા કરસાણા ગામના તલાટી ગ્રામ પંચાયત ખાતે નિયમિત નહી આવતા હોવાની બૂમો ઉઠી રહી છે. તલાટી ગ્રામ પંચાયતમાં ક્યારે હાજર રહશે તેવું કોઈ પણ લખાણ કે બોર્ડ નહી જોવા મળતા અનેક કામ અર્થે આવેલા અરજદારો ને પરત જવાનો વાળો આવતો હોવાનું સ્થાનિકો પાસેથી જાણવા મળ્યુ છે.

ગોધરા તાલુકા ના કરસાણા ગ્રામ પંચાયત ના તલાટી નિયમિત સેજા પર નહી આવતા હોવાનું ગ્રામજનોમાં ચર્ચાઈ રહયુ છે. આ ગ્રામ પંચાયત ના તલાટી રિન્કુબેન પાસે આ ગ્રામ પંચાયતની બાજુમાં આવેલા અન્ય બીજી ત્રણ પંચાયતના ચાર્જ તેઓ પાસે હોવા છતાં તેઓ ક્યા વારે ક્યાં મળશે તેવું ગ્રામ પંચાયત ખાતે કોઈ પણ લખાણ લખવામાં આવેલ નથી. તાલુકા વિકાસ અધિકારી ને જાગૃત નાગરિક દ્વારા કહેવામાં આવ્યું હોવા છતાં તેઓ આ સામે કાર્યવાહી તો ઠીક પણ તપાસ કરવામાં પણ આંખ આડા કાન કરી રહયા છે. ત્યારે તાલુકા વિકાસ અધિકારી અરજદારોના હિત માટે તાલુકામાં આવેલ તમામ ગ્રામ પંચાયતો ખાતે તક મંત્રી સેજા પર હાજર છે કે નહી તે તપાસ કરવામાં કેમ કોઈ રસ નથી? કે પછી કોઈ અન્ય કારણ હશે કે શું? ગ્રામ પંચાયત ખાતે ગામના વિકાસ માટે તેમજ અન્ય ગ્રાંટો પણ આવતી હોય છે. તાલુકા ના અનેક ગામોમાં નરેગા સહિત અન્ય સરકારી યોજનામાં નિયમો મુજબ કામ નહી થઈ રહયું હોવાની અનેક બૂમો ઉઠવા સાથે રજૂઆત પણ તાલુકા વિકાસ અધિકારી સમક્ષ થતી હોવા છતાં તેઓ આ સામે કાર્યવાહી કરવામાં પણ ખચકાઈ રહયા છે. હવે જોવુ જ બન્યુ કે તાલુકા વિકાસ અધિકારી પોતાની આળસ ખંખેરીને લોક હિત માટે ગ્રામ પંચાયત ખાતે તલાટી હાજર છે કે નહી તેમજ સરકારી ગ્રાન્ટનો ઉપયોગ ખરેખર કેટલો થાય છે કે નહી તે માટે કેવી કાર્યવાહી કરે છે. તે તો સમય આવેજ ખબર પડી જશે તેમ છે.

## શહેરાના મંગલપુર ગામે ધન્વંતરી રથના કર્મીઓને અપશબ્દો કહેતાં પોલીસ કાર્યવાહી

શહેરા,

શહેરા તાલુકામાં કોરોનાના વધતા કેસોને લઈને ચિંતાનો માહોલ વ્યાપ્યો છે. ખાનગી દવાખાનાઓ દર્દીઓથી પણ ફુલ છે. ગ્રામીણ વિસ્તારમાં પણ કોરોનાના કેસ આવી રહ્યા છે. ત્યારે તંત્ર દ્વારા ધન્વંતરી રથ દ્વારા આરોગ્ય તપાસ કોરોના ટેસ્ટ કરાઈ રહ્યા છે. ત્યારે મંગલપૂર ગામે કામગીરી માટે ગયેલા ધનવંતરી રથના કર્મીઓ જોડે દારૂ પીધેલ ઈસમે અપશબ્દો બોલીને માથાકુટ કરતા પોલીસના હવાલે કરવામા આવ્યો છે.

શહેરા તાલુકાના ગ્રામીણ વિસ્તારમા ધનવંતરી રથ મા કોરોના ટેસ્ટ પણ કરવામા આવી રહ્યો છે. બુધવારના રોજ તાલુકાના મંગલપુર ગામે ધનવંતરી રથ સાથે આરોગ્ય કર્મી કામગીરી માટે પહોચ્યા હતા. ત્યારે ત્યાં એક ઈસમ મંગલપુર ગામે ધન્વંતરી રથની વિઝિટ વખતે દારૂ પીને ધમાલ કરતો નજરે પડ્યો હતો. આરોગ્યકર્મીઓના કામમાં અવરોધ ઉભો કરતો હતો. તે સમયે મામલતદાર મેહૂલ ભરવાડ ત્યાં વિઝીટમાં પહોંચ્યા હતા. જયાં પરિસ્થીતી જોતાં તાત્કાલિક શહેરા પોલીસને જાણ કરતા પોલીસ બનાવ સ્થળ ખાતે પહોંચી જઈને અટકાયત કરી હતી.એક બાજુ કોરોનાની કપરી કામગીરી વચ્ચે આરોગ્ય કર્મીઓ પોતાનો જીવ જોખમમા નાખીને ખડેપગે સેવા બજાવી રહ્યા છે.આરોગ્યકર્મીઓ સામે આ રીતે વર્તન કરનારાઓ સામે સખ્ત કાર્યવાહી કરવામાં આવી જોઈએ તે જરૂરી છે.

## વેજલપુર મુકામે સ્વૈચ્છિક રકતદાન કેમ્પ યોજાયો



તસ્વીર : નુર બાલા, વેજલપુર

વેજલપુર,

કાલોલ તાલુકાના વેજલપુર મુકામે કાછિયા સમાજની વાડીમાં વિવિધ સંસ્થાઓ જેવી કે, શ્રી સ્વામિનારાયણ યુવક મંડળ યુવા ક્રાંતિ સેના નિરાત ચેરીટેબલ ટ્રસ્ટ તેમજ ગોધરા બ્લડબેંકના સંયુક્ત ઉપક્રમે કેમ યોજવામાં આવ્યો હતો. આ કેમ્પ આ ૧૮ વર્ષથી મોટા યુવાનોએ ઉતસાહપૂર્વક ભાગલ ઈ બ્લડડોનેટ કર્યુ હતુ અત્યારે કોરોનાની મહામારી માં રક્તની ખૂબ જરૂર હોવાથી આવા સમયે કેમ્પ કરી ઉત્તમ કાર્ય કરેલ છે અને વધુમાંરક્ત બેંકમાં રક્તની અછત હોવાથી અછત ને પહોંચી વળવા આ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કેમ્પમાં વિવિધ સંસ્થાઓ અને યુવાનો દ્વારા રક્તનું દાન કરી ઉત્તમ સેવા બજાવેલ છે. તે ધન્યવાદને પાત્ર છે. કોઈનો જીવ બચાવવા જીવન આપો તો પણ રક્તનું મહાદાન કરી કોઈ નું જીવન આપના રક્ત થીપૂજલવિત બને એ જ એ જ સાચો ધર્મ.

## ગોધરાના ઉદ્યોગપતિ ફિરદોસ કોઠી દ્વારા ટુંક સમયમાં ઓકસીજન પ્લાન્ટ શરૂ કરાશે

ગોધરા,

કોરોના મહામારીની બીજી લહેરમાં કોરોના સંક્રમણના ભોગ બનતા દર્દીઓ ઓકસીજન સપોર્ટનીન જરૂરીયાત મોટા પ્રમાણમાં થઈ રહી છે. વર્તમાન સમયમાં ઓકસીજની અછત વચ્ચે કેટલાય દર્દીઓનું અવસાન થયું છે. ત્યારે આવા સંકટ ને ધ્યાનમાં રાખી પંચમહાલ ગોધરાના ઉદ્યોગપતિ દ્વારા ઓકસીજન પ્લાન્ટ નાખવા માટેની તૈયારીઓ શરૂ કરી છે.

દેશભરમાં કોરોના મહામારીની બીજી લહેર ઘાતક બનીને લોકોને કોરોના સંક્રમણના ભરડામાં લઈ રહી છે. કોરોના સંક્રમણનો ભોગ બનતા દર્દીઓને ઓકસીજન લેવલ ઘટી જવાની સમસ્યા વધારે જોવા મળી છે. હોસ્પિટલમાં ઓકસીજન કમી વર્તાઈ રહી છે. ઓકસીજન વગર દર્દીઓના મોત થઈ રહ્યા છે. ઓકસીજનની અછત ને જોતાં આવનાર ભવિષ્યની ચિંતા પંચમહાલ ગોધરાના ઉદ્યોગપતિ ફીરદોસ કોઠીને થતાં ઉદ્યોગપતિ દ્વારા પંચમહાલ જીલ્લામાં ઓકસીજન પ્લાન્ટ શરૂ કરવાની નેમ લીધી છે. અને ઓકસીજન પ્લાન્ટ શરૂ કરવા માટે સર્વેની કામગીરી પુરી કરવામાં આવી છે. આવનાર સમયમાં ગોધરામાં ઓકસીજન પ્લાન્ટની શરૂઆત થતાં પંચમહાલ, દાહોદ અને મહિસાગર જીલ્લાને ઓકસીજન માટે રાહત થશે.

## દાહોદ મુક્તિધામમાં કોરોના દર્દીઓના અવિરત અગ્નિ સંસ્કારને લઈ સેનેટાઈઝરનો છંટકાવ


તસ્વીર : વિનોદ પંચાલ, દાહોદ

દાહોદ,

દાહોદ શહેરના મુક્તિધામ ખાતે પંદર દિવસથી અહીં સવારથી મોડી રાત સુધી મૃતકોના અંતિમ સંસ્કાર કરવામાં આવી રહ્યા છે. ત્યારે પાલિકાતંત્ર દ્વારા આ હિન્દુ મુક્તિધામ ખાતે સેનેટાઈઝર છાંટવાની કામગીરી સહિત ડસ્ટબીન પણ મૂકવામાં આપવામાં આવી રહ્યા છે.

દાહોદ જિલ્લામાં કોરોનાએ વિકરાળ રૂપ ધારણ કર્યું છે. જેના પગલે મૃત્યુઆંકપણ વધી રહ્યો છે. દાહોદના સ્મશાન ગૃહની વાત કરીએ તો વહેલી સવારથી મોડી રાત્રી સુધી કોરોના દર્દીઓ તેમજ અન્ય મૃતકોના અંતિમ સંસ્કાર કરવામાં આવી રહ્યા છે. ત્યારે ગતરોજ દાહોદ નગરપાલિકા દ્વારા આ દાહોદના સ્મશાન ગૃહમાં સેનેટાઈઝર છાંટવામાં આવ્યું હતું. આ ઉપરાંત સ્મશાનગૃહમાં થતાં કચરા માટે ડસ્ટબીનો પણ મૂકવામાં આવ્યા છે. સાથે સાથે આખા સ્મશાનગૃહનું સાફ - સફાઈ પણ કરવામાં આવી રહી છે.

## કાલોલ તાલુકાના વેજલપુર ગામેથી કત્તલના ઈરાદે ગોંધી રાખેલ ૩ પશુઓ ઝડપી પાડયા


તસ્વીર : જયદીપ ઠાકર, વેજલપુર

કાલોલ,

કાલોલ તાલુકાના વેજલપુર ગામે ગેસ ગોડાઉનની પાછળ આવેલ ખુલ્લા ખેતરમાં ઝાડી ઝાંખરા વચ્ચે ૩ પશુઓ ગોંધી રાખ્યા છે. તેવી બાતમીના આધારે ૫૭ હજાર રૂપીયાના મુદ્દામાલ સાથે ઝડપી પાડવામાં આવી. પ્રાપ્ત વિગતો પ્રમાણે ગોધરા એલ.સી.બી. પોલીસ વેજલપુર ગામ તરફ પેટ્રોલીંગમાં હતી. દરમ્યાન બાતમી મળી હતી કે, કેટલાક ઈસમો ગેસ ગોડાઉન પાછળ ખુલ્લા ખેતરમાં ઝાડી ઝાંખરા વચ્ચે ટુંકા દોરડા થી ઘાસચારો કે પાણી વગર પશુઓ કત્તલના ઈરાદે ગોંધી રાખેલ છે. તે સ્થળે રેડ કરી હતી. રેઈડ દરમ્યાન ૩ પશુઓ કિંમત ૫૭,૦૦૦/-ના મુદ્દામાલ બચાવી લેવામાં આવ્યો હતો. આ બાબતે વેજલપુર પોલીસ મથકે ફરિયાદ નોંધાવા પામી છે.

## ગોધરા તાલુકાના નશીરપુર ગામે જુગાર રમતા બે ઈસમો પોલીસે ઝડપ્યા

ગોધરા,

ગોધરા તાલુકાના નશીરપુર ગામે કોતરમાં જાહેરમાં જુગાર રમી રહ્યા છે. તેવી બાતમીના આધારે પોલીસે રેડ કરી હતી. રેડ દરમ્યાન બે ઈસમોને ૮૭,૦૦૦/-રૂપીયાના મુદ્દામાલ સાથે ઝડપી પાડવામાં આવ્યા. પ્રાપ્ત વિગતો પ્રમાણે ગોધરા તાલુકાની નશીરપુર ગામે કોતરમાં કેટલાક ઈસમો આર્થિક લાભ માટે જાહેરમાં જુગાર રમી રહ્યા છે. તેવી બાતમીના આધારે તાલુકા પોલીસે રેડ કરી હતી. રેડ દરમ્યાન અક્ષય મહેશભાઈ રાવલ, મેહુલ ચંદુભાઈ પરમારને ઝડપી પાડયા હતા. ઝડપાયેલ ઈસમો પાસેથી અંગઝડતીમાં ૧૨,૭૧૦/-રૂપીયા દાવ ઉપર મુકેલ ૪,૩૮૦/-મળી ૧૭,૦૯૦/-રૂપીયા રોકડા બે મોબાઈલ બાઈક નંગ-૩ મળી કલ ૮૭,૦૦૦/-રૂપીયાના મુદ્દામાલ જપ્ત કરવામાં આવ્યો હતો. જ્યારે નાશી છુટેલ ત્રણને ઝડપી પાડવાની તજવીજ હાથ ધરી છે. આ બાબતે ગોધરા તાલુકા પોલીસ મથકે ફરિયાદ નોંધાવા પામી છે.

## કાલોલના બેઢીયા ટોલનાકા પાસે બાઈક ચાલક ઉપર ટેન્કર ફરી વળતા મોત

કાલોલ,

કાલોલ તાલુકાના બેઢીયા ટોલનાકા પાસે એક બાઈક ચાલક યુવક ઉપર ટેન્કરના પૈડા ફરી વળતા ઘટના સ્થળે મોત નીપજ્યું હતુ. જ્યારે ટેન્કરનો ચાલક ટેન્કર છોડીને ફરાર થઈ ગયો હતો. ગોધરા તાલુકાના જીતપુરા ગામના બે ભાઈઓ અલગ અલગ બાઈક પર કપડા ખરીદવા માટે કાલોલ આવ્યા હતા. જેઓ કપડા ખરીદીને કાલોલથી પરત જીતપુરા જતા સમયે બેઢીયા ટોલનાકા પાસે પાછળથી એક પુરઝડપે હંકારી આવતા ટેન્કર ચાલકે બે ભાઈઓ પૈકી જયપાલસિંહ અરવિંદસિંહ ઠાકોર(ઉ.વ.૨૬)ને ટક્કર મારી દેતા બાઈક પરથી રોડ પર પટકાયેલ યુવક ટેન્કરના ટાયર નીચે આવી જતા યુવકના શરીરના ભાગે ગંભીર ઈજાઓ થતાં અકસ્માત સ્થળે મોત નીપજ્યું હતુ. આ અકસ્માત સમયે અલગ બાઈક પર સાથે જતા અન્ય ભાઈએ તેની નજર સામે પોતાના ભાઈને નડેલા અકસ્માતને પગલે હેબતાઈ ગયો હતો જયારે ટેન્કર ચાલક અકસ્માત સર્જીને પોતાનુ ટેન્કર ઘટના સ્થળે છોડીને ફરાર થઈ ગયો હતો. સમગ્ર અકસ્માત અંગે ટોલપ્લાઝાની એમ્બ્યુલન્સ મારફતે મૃતક યુવકની લાશ કાલોલ રેફરલ હોસ્પિટલ ખાતે પહોંચાડી પોતાના ભાઈના મોત અંગે વેજલપુર પોલીસ મથકે ફરિયાદ નોંધાવતા વેજલપુર પોલીસે ફરાર થઈ ગયેલા ટેન્કર ચાલક સામે મોટર વ્હિકલ એકટ હેઠળ ગુનો નોંધી તપાસ હાથ ધરી હતી.